**આજનો સુવિચાર**

જે ઉપરથી કડવા લાગે એ અંદરથી સારા હોય પછી તે લીમડાનું પાન હોય કે કોઈ વ્યકિત

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૯૧ જૂનાગઢ તા.૨૯-૭-૨૦૨૩ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 191, Junagadh : Date : 29 July, 2023, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


# તેલંગાણાનાં લક્ષ્મીદેવી પેટામાં ૨૪ કલાકમાં ૨૬ ઈંચ તોફાની વરસાદ

## ભારતમાં એકજ દિવસમાં સૌથી વધુ વરસાદનો રેકોર્ડ : સમગ્ર વિસ્તારમાં ૧૫-૧૫ ફુટ પાણી : બચાવ અને રાહતની કામગીરી યુધ્ધનાં ધોરણે હાથ ધરાઈ



હૈદરાબાદ તા.૨૯ : દેશના અનેક રાજયોમાં મેઘરાજાએ આકાશી આફત વરસાવી છે અને અનેક ભાગોમાં અતિભારે વરસાદથી જળબંબાકાર પુરની હાલત છે. ત્યારે તેલંગાણાના એક ભાગમાં સમગ્ર ભારતનો ચાલુ સીઝનનો જ ૨૪ કલાકનોસૌથીવધુ વરસાદ વરસ્યો છે. તેલંગાણાના સમગ્ર પૂર્વોતર અને પુર્વનાં ભાગોમાં અતિભારે વરસાદનો કહેર યથાવત રહ્યો છે. આ ઉપરાંત મુલુગુ જીલ્લાનાં લક્ષ્મીદેવીપેટ્ટા ક્ષેત્રમાં ૨૪ કલાકમાં ૬૪૯.૮મીમી (૨૬ ઈંચ) પાણી વરસ્યુ હતું. ભારતમાં એકજ દિવસમાં આટલો ભારે વરસાદ અન્ય કયાંય વરસ્યો નથી અને આ સાથે ચાલુ સીઝનનો રેકોર્ડ સર્જાયો છે. તેલંગાણામાં ૨૦૦૪ પછીનો રેકોર્ડબ્રેક વરસાદ છે. બાજુનાં જયશંકર ભુપલવેલી જીલ્લામાં પણ ૬૧૬.૫ મીમી (૨૪.૫૦ ઈંચ) વરસાદ નોંધાયો હતો રાજયના બે ડઝનથી વધુ સ્થળોએ ૮ ઈંચ કે તેથી વધુ વરસાદ નોંધાયો હતો. છેલ્લા ૨૪ કલાકમાં રેકોર્ડબ્રેક ૨૬ ઈંચ વરસાદથી સમગ્ર ક્ષેત્રમાં પુર પરિસ્થિતિ સર્જાઈ હતી. અને સર્વત્ર ૧૫-૧૫ ફૂટ પાણી ભરાયા છે. ભારતીય નૌસેનાના બે હેલીકોપ્ટરોને બચાવ કામગીરીમાં તૈનાત કરવામાં આવ્યા હતા આ ક્ષેત્રમાં વસતા સેંકડો લોકોનો હેલીકોપ્ટર મારફત સૈન્ય તથા એનડીઆરએફ દ્વારા બહાર કાઢવામાં આવ્યા હતા. ૧૪ લોકોના મોત નીપજયા હતા.

બીજી તરફ તેલંગાણામાં અતિભારે વરસાદથી ગોદાવરી નદીએ ભયજનક સપાટી કુદાવીને રૌદ્ર સ્વરૂપ પકડી લીધું હતું

તમામ નદી જળાશયોમાંથી દરીયાના મોજાની જેમ પાણી વહેતા હતા. માર્ગો-ગામોમાં ઘુસી ગયા હતા. જળાશયોની સુરક્ષા માટે ગેટ ખોલવામાં આવતા ઠેકઠેકાણે પુર સ્થિતિ સર્જાઈ હતી. સેંકડો પ્રવાસીઓ પણ ફસાઈ ગયા હતા. તેલંગાણા સરકારદ્વારા આવતા ૪૮ કલાક માટે હજુ ગંભીર હાલત સર્જાવાની ચેતવણી આપવામાં આવી છે. અને લોકોને હાઈએલર્ટ પર રહેવાની તાકીદ કરવામાં આવી છે. સમગ્ર સરકારી તંત્રને રાહત બચાવ કામગીરીમાં તૈનાત કરી દેવાયું છે.

# સંસદમાં ભારે હોબાળા વચ્ચે I.N.D.I.A નાં સાંસદોનું પ્રતિનિધિ મંડળ મણિપુરની મુલાકાતે

## વિપક્ષી ગઠબંધનનાં ૨૧ નેતાઓ રાજયપાલને મળી રીપોર્ટ રજુ કરશે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા.૨૯ મણિપુરમાં હિંસા શરૂ થયાને લગભગ ત્રણ મહિના થવા આવ્યા છે. દરમિયાન, ભારતીય રાષ્ટ્રીય વિકાસલક્ષી જોડાણ (ભારત) ના સાંસદોનું એક પ્રતિનિધિમંડળ મણિપુર પહોંચી ગયું છે. ૨ દિવસના આ પ્રવાસમાં કોંગ્રેસ સિવાય **TMC, AAP,** ડાબેરી પક્ષો અને અન્ય મુખ્ય વિપક્ષી દળોના સાંસદો છે. પ્રતિનિધિમંડળ રાહત શિબિરોની મુલાકાત લેશેઅને હિંસા પીડિતોને મળવા જશે. પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી રહેલા ગૌરવ ગોગોઈએ કહ્યું કે જે વિસ્તારોમાં હિંસા થઈ છે ત્યાં જવું અમારા માટે મુશ્કેલ છે. અમે રાહત શિબિરોની મુલાકાત લઈશું અને પીડિતોને મળીશું. તમને જણાવી દઈએ કે મણિપુર મુદ્દે ચોમાસુ સત્રમાં ભારે હોબાળો થયો અને ગૃહની કાર્યવાહી ખોરવાઈ ગઈ.

વિપક્ષના ૨૦ સાંસદો મણિપુરની મુલાકાતે આવ્યા છે. કોંગ્રેસ ઉપરાંત **JMM,** શિવસેના, **AAP, TMC,** ડાબેરી પક્ષો અને **NCP**ના સાંસદો તેમાં સામેલ છે. કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈએ કહ્યું કે પીએમ મોદી ભલે મણિપુરના લોકોને ભૂલી ગયા હોય પરંતુ અમે તેમના દુઃખમાં તેમની સાથે છીએ. ટીએમસી સાંસદ સુષ્મિતા દેવે કહ્યું કે બંને સમુદાયના પ્રતિનિધિઓને મળવા અને તેમની સાથે વાત કરવાનો અમારો પ્રયાસ રહેશે.

વિપક્ષી સાંસદોનું કહેવું છે કે અમે એ પણ જોઈશું કે રાજય સરકાર આ મુદ્દાના ઉકેલ માટે શું પગલાં ભરે છે. અમે રાહત શિબિરોમાં પીડિતોને મળીશું અને જમીનની સ્થિતિ તપાસીશું. **NCP** (શરદ પવાર કેમ્પ)ના સાંસદ મોહમ્મદ ફૈઝલે કહ્યું કે આખો દેશ ઈચ્છે છે કે મણિપુરમાં સ્થિતિ સામાન્ય બને અને લોકોનું જીવન વહેલી તકે જૂની પેટર્ન પર પાછું આવે. રાજય ૩ મહિનાથી સળગી રહ્યું છે અને તે આખા દેશ માટે પીડાની વાત છે. સંસદના બંને ગૃહોમાં મણિપુર હિંસાનો મામલો જોરશોરથી ઉઠાવવામાં આવી રહ્યો છે.

# મોંઘવારીનો અજગર ભરડો : ફુગાવો ૫ ટકાને પાર થવાની દહેશત

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા.૨૯ ટમેટાસહિતની શાકભાજી તથા કઠોળ સહિતની ખાદ્યચીજોના ઉંચાભાવથી સામાન્ય વર્ગનું બજેટ વેરવિખેર થઈ ગયુ છે અને તેના પ્રભાવ હેઠળ જુલાઈ મહિનાનો મોંઘવારીદર ફરી ૫ ટકાને પાર થઈ જવાની ભીતિ વ્યક્ત થવા લાગી છે. રિઝર્વ બેંક પર પણ ફરી વખત વ્યાજદર વધારાનું દબાણ ઉભુ થઈ શકે છે.

જુલાઈમાં રિટેઈલ મોંઘવારી દર ૫ ટકાથી વધુ અને ઓગષ્ટનો ફુગાવો ૬ ટકાથી ઉંચો જવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે જે સંજોગોમાં ધિરાણનીતિની આગામી સમીક્ષા બેઠકમાં વ્યાજદર વધારા મુદ્દે રિઝર્વ બેંક પર દબાણ આવી શકે છે. મે મહિનામાં રીટેઈલ ફુગાવો ૪.૮૧ ટકા હતો તે એપ્રિલની તુલનામાં ૦.૫૬ ટકા વધ્યો હતો. આ પુર્વે રિઝર્વ બેંક પર વ્યાજદર ઘટાડવાનું દબાણ હતું પરંતુ હવે વધતી મોંઘવારીને ધ્યાને લેતા ચિત્ર વિપરીત થયુ છે અને વ્યાજદર વધારવાની ફરજ પડી શકે છે.

જાણકારોએ અગાઉ જ એવી આશંકા દર્શાવી હતી કે ઉત્તર તથા મધ્ય ભારતમાં ભારે વરસાદને કારણે ટમેટા, મરચા સહિતના શાકભાજીને નુકશાન થશે અને તેની કિંમત આકાશને આંબશે. આ સંજોગોમાં ચાલુ જુલાઈ મહિનાના રીટેઈલ મોંઘવારીના આંકડા ચોંકાવનારા બની શકે છે.

કેન્દ્રના સ્ટેટેસ્ટીક મંત્રાલયના રિપોર્ટ પ્રમાણે મે મહિનામાં રીટેઈલ મોંઘવારી ૪.૨૫ ટકા હતી તે જુનમાં ૪.૮૧ ટકાના સ્તરે પહોંચી હતી. માર્કેટ રીસર્ચ ફર્મ નોમુરાના રિપોર્ટ અનુસાર ચોખાની નિકાસ પર નિયમનો છતાં જુન માસમાં ચોખાનો મોંઘવારી દર ૯ ટકાથી વધીને ૧૨ ટકા થયો હતો. જુલાઈમાં પણ ભાવ વધ્યા હોવાથી નવા આંકડામાં વૃદ્ધિ જોવા મળી શકે છે.

# એકજ મહિનામાં હળદરનાં ભાવમાં તોતીંગ વધારો : જીરાનાં ભાવ પણ આસમાને પહોંચ્યા

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા.૨૯ જનતા પર મોંઘવારીનો બોજ ઓછો થવાનું નામ નથી લઈ રહ્યો. લીલા શાકભાજીના ભાવમાં ઘટાડો હજુ શરૂ થયો નથી કે આ પહેલા મસાલાપણ મોંઘા થઈ ગયા છે. તેમની કિંમતમાં પણ અનેક ગણો વધારો થયો છે. જેના કારણે સામાન્ય જનતાના રસોડાનું બજેટ ખોરવાઈ રહ્યું છે.

ખાસ વાત એ છે કે મસાલામાં જીરું સૌથી મોંઘું છે. તેની કિંમતમાં અનેક ગણો વધારો નોંધાયો છે. જેના કારણે ગરીબ લોકો માટે કઠોળમાં જીરું નાખવું મુશ્કેલ બન્યું છે. સાથે જ વેપારીઓ અને દુકાનદારોનું કહેવું છે કે આગામી દિવસોમાં મસાલા વધુ મોંઘા થઈ શકે છે.

જો કે જીરાની સાથે મેથી, કાળી એલચી, મરચું, હળદર અને ધાણા પણ ખૂબ મોંઘા થયા છે. થોડા મહિના પહેલા સુધી બજારમાં જીરાનો ભાવ ૨૦૦ રૂપિયા પ્રતિ કિલો હતો. હવે તેની કિંમત ૭૦૦ રૂપિયા પ્રતિ કિલોને પાર થઈ ગઈ છે. ઉત્તર પ્રદેશના બહરાઈચમાં એક કિલો જીરાની કિંમત ૭૦૦ રૂપિયાથી વધીને ૭૨૦ રૂપિયા થઈ ગઈ છે.

# ઈન્કમટેકસ રીટર્ન ફાઈલ કરાવવા કરદાતાઓની ભારે દોટ : ૫ કરોડ ફાઈલ થયા

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા.૨૯ ઈન્કમટેકસનું રિટર્ન ફાઈલ કરવામાટે ૩૧ મી જુલાઈની અંતિમ સમય મર્યાદા છે. ત્યારે પગારદારો સહિત સામાન્ય કરદાતાઓએ છેલ્લી ઘડીએ રિટર્ન ફાઈલ કરાવવા માટે કરવેરા સલાહકારોનો સંપર્ક કરી રહ્યા છે. બીજી તરફ ઈન્કમટેક્સ વિભાગ દ્વારા કરદાતાઓની આવકને લગતી વિવિધ માહિતીઓ હવે એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ અને ટેકસ પેયર ઈર્ન્ફોમેશન સમરીમાં હોવાથી કરદાતાઓને તમામ માહિતી આપવી પડે છે. ભૂતકાળમાં કેટલાક કરદાતાઓ પુરેપુરી વિગતો જાહેર કરતા ન હતા.

બીજી તરફ બેંકોમાંથી પણ ગત નાણાકીય વર્ષના સ્ટેટમેન્ટ મેળવીને માહિતી આપવા માટે પણ કરદાતાઓએ બેંકોનો સંપર્ક કરી રહ્યાછે. બેંકોમાં સ્ટાફ બદલાઈ ગયો હોવાના કારણે ઘણા ખાતેદારને સ્ટેટમેન્ટ મેળવવા માટે પણ મુશ્કેલીઓ પડી રહી છે. હાલમાં પ્રિ-ફિલ્ડ આઈટીઆરના પગલે પણ ઈન્કમટેક્સ રિટર્ન ભરવામાં કરદાતાઓને મદદ મળે છે. હાલમાં ડેટા એનાલિટીકસના ઉપયોગથીપણ ઈન્કમટેકસ વિભાગ જે કરદાતા દ્વારા ટેક્સ છૂપાવવામાં આવ્યો હોય તો તે શોધી શકાય છે. ફેસલેસ એસેસમેન્ટ્સ અને અપીલમાં પણ હવે ઈન્કમટેક્સ વિભાગમાં રૂબરૂ સંપર્ક સાધવો પડતો નથી. હવે તો ફરિયાદોના નિરાકરણ પણ સેન્ટ્રલઈાઝ પબલિક ગિવન્સ રિડ્રેસ એન્ડ મોનિટરિંગ સિસ્ટમ, ઈ-નિવારણ અને આયકર સેવા કેન્દ્ર દ્વારા થાય છે.

# મહારાષ્ટ્રનાં બુલઢારામાં બે બસ વચ્ચે અકસ્માત : ૬નાં મોત : ૨૧ ઘાયલ

મુંબઈ તા. ૨૯ મહારાષ્ટ્રના બુલઢાણા જિલ્લામાં વહેલી સવારે એક ભયાનક અકસ્માતની ઘટના બની છે. આ અકસ્માતમાં ૬ લોકોના મોતના સમાચાર છે જ્યારે ૨૧ મુસાફરો ઘાયલ થયા છે. ઘાયલોને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાંખસેડવામાં આવ્યાછે. અકસમાતના પગલે હાઈવે પર ટ્રાફિક જામ થયો છે પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાની વધુ વિગત મુજબ જિલ્લાના મલકાપુર શહેર પાસે નેશનલ હાઈવે-૬ પર આ અકસ્માત થયો હતો. મલ્કાપુર પોલીસ સ્ટેશનના એસએચઓના જણાવ્યા અનુસાર, એક બસ અમરનાથ યાત્રીઓને લઈને હિંગોલી જઈ રહી હતી, જ્યારે બીજી બસ નાગપુરથી નાસિક જઈ રહી હતી ત્યારે વહેલી સવારે બંને બસોની સામસામે જોરદાર ટક્કર થતા અકસ્માતની ઘટના બની હતી.

અકસ્માત બાદ ઘટનાસ્થળે અફરા-તફરી મચી ગઈ હતી. અકસ્માત બાદ ઘટનાસ્થળે પહોંચેલા પોલીસ અધિકારીઓએ ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જેમાં ૬ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. ઘટના બાદ રોડ પરનો વાહનવ્યવહાર લાંબા સમય સુધી ખોરવાઈ ગયો હતો. અકસ્માતની ગંભીરતાને જોતા અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે મૃત્યુઆંક હજુ વધી શકે છે.


તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી

**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**



સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

**PARTH ACADEMY**

સ્કૂલ અને હોસ્ટેલ
અંગ્રેજી અને ગુજરાતી માધ્યમ

ADMISSION OPEN

SCHOOL (FOR BOYS & GIRLS)

Nursery TO Std. 12th
Commerce & Arts

HOSTEL (FOR BOYS)

Affiliated to GUJARAT BOARD
English & Gujarati Medium

૨૦ વર્ષથી શ્રેષ્ઠ પરીણામ આપતી સંસ્થા

૬ એકર વિસ્તારમાં પથરાયેલ સ્વિમિંગ પુલ સાથેનું ગ્રીન સંકૂલ

•

હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ
હોસ્ટેલના વિદ્યાર્થીઓ માટે સ્કૂલમાં જ હોમવર્ક, ટ્યુશન અને સ્પોર્ટ્સની સુવિધા

•

જૂનાગઢ શહેર અને નજીકના વિસ્તારથી સ્કૂલ બસની સુવિધા

Parth Academy, Vadla Fatak, Junagadh. Mo. 9426717977, 9512525888


# ઝારખંડમાં મહોરમનાં ઝુલુસ દરમ્યાન હાઈવોલ્ટેજ તાર તાજીયા સાથે સંપર્કમાં આવતા ૪નાં કરૂણ મોત

રાંચી તા. ૨૯ ઝારખંડના બોકારોમાં આજે વહેલી સવારે મોહરમનું જુલુસ નીકળતી વખતે એક મોટો અકસ્માત સર્જાયો હતો. હાઈ ટેન્શન લાઈનની ચપેટમાં આવી જતાં કુલ ૧૩ લોકો ખરાબ રીતે દાઝી ગયા હતા. જેમાં ચાર લોકોના મોત થયા છે, જ્યારે ૯ લોકોની હાલત ગંભીર છે. અહીં બેરમો વિસ્તારના ખેતરોમાં સવારે ૬.૦૦ વાગ્યે કેટલાક લોકો મોહરમના તાજિયા લઈ રહ્યા હતા ત્યારે ૧૧૦૦૦ વોલ્ટના વાયરની અડફેટે આવી ગયા હતા. જે બાદ વીજ કરંટ લાગવાથી ૪ લોકોના મોત થયા હતા, જ્યારે ૯ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા, જેમની સારવાર નજીકની હોસ્પિટલમાં ચાલી રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર તાજિયાને લઈ જતી વખતે ઉપરથી પસાર થતી ૧૧,૦૦૦ વોલ્ટની હાઈ ટેન્શન લાઈન તાજિયામાં ફસાઈ ગઈ હતી, જેના કારણે તાજિયાના જુલુસમાં રાખવામાં આવેલી બેટરીમાં બ્લાસ્ટ થયો હતો. લોકોએ તાત્કાલિક તમામ ઘાયલોને ડીવીસી બોકારો થર્મલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કર્યા હતા. સાથે જ હોસ્પિટલમાં એમ્બ્યુલન્સના અભાવે લોકોએ ભારે હોબાળો મચાવ્યો હતો. જો કે બાદમાં ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર બાદ બોકારો મોકલવામાં આવ્યા હતા. આ અકસ્માતમાં કુલ ૧૩ લોકો ઘાયલ થયા છે જેમાંથી ચારના મોત થયા છે. જ્યારે સાતની હાલત ગંભીર છે અને બે લોકોને ઘરે મોકલી દેવામાં આવ્યા છે. આ ઘટના બાદ પરિવારજનો અને ખેતરોમાં રહેતા લોકોમાં ગમગીની છવાઈ ગઈ હતી.

# અમેરીકાની સુપર માર્કેટમાં અંધાધુંધ ગોળીબાર : ૪નાં મોત

વોશિંગ્ટન, તા. ૨૯

અમેરિકામાં ગોળીબારની ઘટનાઓ સતત વધી રહી છે. ત્યારે તાજેતરનો મામલો વોશિંગટોનનો છે. જ્યાં સિએટેલ સ્થિત એક સુપર માર્કેટની બહાર અજણ્યા હુમલાખોરોએ અંધાધૂંધ ફાયરિંગ કર્યું હતું. આ ફાયરિંગમાં ૪ લોકોના મોત થઈ ગયા છે. આ ઘટના બાદ વિસ્તારમાં ભયનો માહોલ છે. અમેરિકામાં વધતી ગોળીબારની ઘટનાઓ ચિંતાજનક છે. દર બીજા દિવસે આવી ઘટનાઓ બનતી જોવા મળી રહી છે. જો કે સવાલ એ થાય છે કે, અમેરિકામાં આવી ઘટનાઓ કેમ વધી છે. તેની પાછળનું એક મુખ્ય કારણ દરેક ઘરમાં બંદૂકો હોય છે. એવું માનવામાં આવે છે કે અમેરિકામાં દરેક બીજા ઘરમાં બંદૂક હોય છે. એક રિપોર્ટ પ્રમાણે અમેરિકામાં દર ૧૦૦માંથી ૮૮ લોકો પાસે બંદૂક છે. આવી સ્થિતિમાં નાની-નાની બાબતો પર ગોળીઓ ચલાવવામાં આવે છે જેના કારણે દરરોજ ફાયરિંગની ઘટનાઓ જોવા મળી રહી છે.


હાર્દિક શુભેચ્છા...



**વર્ષા** ઈન્ડસ્ટ્રીઝ એન્ડ પ્રા.લી.

મહાસાગર પેટ્રોલ પંપ સામે, રાજકોટ હાઈવે રોડ, સુખપુર - ૩૬૨ ૩૧૦
જી. જૂનાગઢ (ગુજરાત)
ફોન : ૦૨૮૫-૨૬૬૦૦૮૮
(૦૨૮૫)-૨૬૬૦૦૯૯



**મકાન વેચવાનું છે**

જૂનાગઢના ભરચક વિસ્તાર દાણાપીઠમાં વાદી ખડકીમાં ૧૧૦ વારનું, ત્રણ માળનું, ૯ રૂમ વાળુ, તમામ ફેસેલીટી વાળુ, કિંમત રૂા. ૩૫ લાખ તદ્દન વ્યાજબી ભાવમાં વેચવાનું છે.

ફોન કરવાનો સમય
સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૮

મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨, ૭૯૮૪૮ ૦૫૭૯૧



**લેવા-વેચવા**

લોકેશન વાડી ભાવમાં મિલ્કતો, ફલેટ, ડુપ્લેક્ષ, જમીન, દુકાન, બંગલા વગેરે તાત્કાલીક લેવા-વેચવા માટે સંપર્ક કરો

**મયંક એસ્ટેટ બ્રોકર**
રસિકભાઈ પટેલ
મો. ૯૫૮૬૩ ૪૧૦૨૧
૯૪૨૭૩ ૭૭૯૧૭

## હેપેટાઈટીસ લીવરમાં થતું સંક્રમણ ; વિશ્વમાંથી હેપેટાઈટીસના નિર્મુલન અને જાગૃતી ફેલાવવા માટે ૨૦૩૦નો લક્ષ્યાંક

# હેપેટાઈટીસની નાબૂદી માટે ભારત સરકાર દ્વારા (NVHCP) નેશનલ વાઈરલ હેપેટાઈટીસ કંટ્રોલ પ્રોગ્રામ કાર્યરત




હેપેટાઈટીસને રોકવા માટે વિવિધ હિતધારકો દ્વારા કરવામાં આવતા પ્રયાસોને પ્રોત્સાહિત કરવા માટે તેમજ આ રોગના નિવારણ અને સારવાર માટે જાગૃતી ફેલાવવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. વિશ્વમાંથી હેપેટાઈટીસના નિર્મુલન માટે ૨૦૩૦નો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ માટે વિશ્વભરમાં હેપેટાઈટીસના ટેસ્ટીંગ અને સરવારની ઉપલબ્ધતા વધારવાની જરૂર છે.

સરળ શબ્દોમાં કહીએ તો હેપેટાઈટીસ લીવરમાં થતું સંક્રમણ છે. જે હેપેટ્રોપિક વાયરસોને લીધે થાય છે. હેપેટાઈટિસ પાંચ પ્રકારના વાયરસ હેપેટાઈટીસ એ, બી, સી, ડી અને ઈ છે. હેપેટાઈટીસ બી અને સી ધરાવતા રોગી વ્યક્તિ મોટેભાગે પોતાના રોગથી અજાણ હોય છે. તેથી આ વાયરસ લિવર સિરોસિસ અને કેન્સરમાં પરીણમીને જીવલેણ બને છે. હેપેટાઈટિસથી સંક્રમિત થયા બાદ લિવર પર અસર શરૂ થઈ જાય છે. ધીરે ધીરે લીવર ખરાબ થઈ જાય છે. તેના લક્ષણો સંક્રમણના થોડા સમય પછી ગંભીર સ્થિતિમાં જ દેખાય છે. જો પ્રારંભિક તબક્કામાં જ સારવાર પ્રાપ્ત કરવામાં ન આવે, તો સ્થિતિ ગંભીર બને છે. આથી, આ અંગે જાગૃતી ફેલાવવી જરૂરી છે.

તાવ, થાક, ભૂખ ઓછી થવી, ફેર ચડવો, ઉબકા-ઉલટી, પેટમાં દુ:ખાવો, કમળો, સાંધાનો દુખાવો, વગેરે લક્ષણો જોવા મળે તો તે હેપેટાઈટીસ હોય શકે છે. હેપેટાઈટીસ છ અને ઈ સંક્રમિત વ્યક્તિના મળ દ્વારા પ્રદુષિત પાણી, ખોરાક કે ગંદા હાથથી ફેલાય છે. ખુલ્લામાં શૌચક્રિયા, હાથ ન ધોવા અને સાફ સફાઈના અભાવે હેપેટાઈટિસ ઝડપથી ફેલાય છે. હેપેટાઈટીસ B, C અને D સંક્રમિત દર્દીનું લોહી અન્ય કોઈ વ્યક્તિને ચડાવવાથી, વપરાયેલી સોય કે ઈન્જેક્શનથી, સંક્રમિત સોયથી ટેટૂ કે છુંદણા કરાવવાથી, સંક્રમિત વ્યક્તિનો શેવિંગનો સામાન, નેઈલ કટર, તુથબ્રશ વાપરવાથી, સંક્રમિત વ્યક્તિ સાથે અસુરક્ષિત જાતિય સંબંધથી ફેલાય છે. સંક્રમિત માતાથી જન્મેલ બાળકમાં પણ આ રોગ ફેલાય છે.

સંક્રમિત માતાથી જન્મેલ બાળકમાં પણ આ રોગ ફેલાતો અટકાવવા માટે દરેક પ્રસુતાએ હેપેટાઈટીસ ∗ નો ટેસ્ટ કરાવવો જોઈએ. જો માતા સંક્રમિત હોય તો બાળકના જન્મના ૨૪ કલાકમાં હેપેટાઈટીસ B ઈમ્યુન ગ્લોબ્યુલીન (HBIG) ઈન્જેક્શન લગાવવું જોઈએ. આ રોગથી બચવા માટે જે ખાદ્ય વસ્તુ તથા પીણાં અશુદ્ધ હોય તે ક્યારેય ગ્રહણ ન કરવા જોઈએ. ટેટુ કરાવતી વખતે નવી અને સાફ સોઈ અને શાહીનો ઉપયોગ થાય તે અવશ્ય જોવું. ૨૦૧૦થી તમામ બાળકોને હેપેટાઈટીસની રસી રસીકરણ કાર્યક્રમ અંતર્ગત આપવામાં આવે છે. તેમાં સમાવેશ ન થયા હોય તેવા વ્યક્તિઓએ હેપેટાઈટીસ B ની રસી મુકાવવી જોઈએ. હેપેટાઈટીસ B ની રસી ભારતમાં સામાન્ય કિંમતે ઉપલબ્ધ છે.

હેપેટાઈટીસની નાબૂદી માટે ભારત સરકાર દ્વારા નેશનલ વાઈરલ હેપેટાઈટીસ કંટ્રોલ પ્રોગ્રામ(દ્ગફઉઁઁ) અમલમાં મુકવામાં આવ્યો છે, જેનો ઉદ્દેશ્ય આ રોગ સામે લડત આપીને દેશભરમાંથી ૨૦૩૦ સુધીમાં નાબૂદ કરવા પ્રયાસ કરવાનો અને સંક્રમિત વસ્તીની સંખ્યામાં ઘટાડો કરવાનો તેમજ તેને લગતા રોગોનો ખતરો દૂર કરવા અને તેનાથી થતા મરણ રોકવાનો છે. આ માટે સરકાર દ્વારા નેશનલ એક્શન પ્લાન ફોર કોમ્બેટીંગ વાયરલ હેપેટાઈટીસ તૈયાર કરી તેનું અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. નેશનલ હેલ્થ મિશન અંતર્ગત હેપેટાઈટીસનો સમાવેશ કરીને ટેસ્ટીંગ અને સારવાર સુવિધાઓનો વિસ્તાર કરવા પર ભાર મુકવામાં આવી રહ્યો છે.

આ પ્રોગ્રામ અંતર્ગત સ્વાસ્થ્ય કર્મીઓનું હેપેટાઈટીસ B રસીકરણ પણ કરવામાં આવી રહ્યું છે તેમજ સંક્રમણની વધુ શક્યતા ધરાવતા સમુહો (જેવા કે સંક્રમિતના પરિવારજનો, ડાયાલિસિસ કે બ્લડ ટ્રાન્સફ્યુઝન નિયમિતપણે કરાવતા દર્દીઓ, એચ.આઈ.વી કે અન્ય કારણોથી રોગ પ્રતિકારક શક્તિ ગુમાવેલા વ્યક્તિઓ)ના ટેસ્ટીંગ અને વેક્સિનેશનને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. ઉપરાંત, ઈન્જેક્શનના દ્વારા સંક્રમણ ન ફેલાય તે માટે ફરીથી ઉપયોગ થઈ ન શકે તે પ્રકારની ખાસ સિરિંજ વાપરવાની નિતી અમલમાં મુકવામાં આવી છે. ઉપરાંત, જે સ્થળોએ હોસ્પિટલોમાં ડીલીવરીનું પ્રમાણ ઓછું હોય ત્યાં પ્રસુતાઓનું ખાસ સ્ક્રીનિંગ કરીને જન્મ સમયે અપાતી હેપેટાઈટીસ રસી અને માતાથી બાળકમાં સંક્રમણ રોકનાર ઈન્જેક્શન આપવાનું સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે. નેશનલ વાઈરલ હેપેટાઈટીસ કંટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત ફરિયાદ કે વધુ માહિતી મેળવવા માટે ખાસ નેશનલ હેલ્પ લાઈન ૧૮૦૦૧૧ ૬૬૬૬નો સંપર્ક કરી શકાય છે.

આલેખન - ભાર્ગવ કે. ભંડેરી

# યાત્રાધામ દ્વારકાની સરહદી વિસ્તાર તથા જગતમંદિરની સુરક્ષા અર્થે પ્રતિબંધિત ડ્રોન કેમેરા અંગે જિલ્લા પોલીસ વડાનો લોકદરબાર યોજાયો



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૨૯

ભારતના પશ્ચિમ છેવાડાના કિનારે વસેલું ભગવાન શ્રીકૃષ્ણનું જગતમંદિર અને દરિયાઈ સીમાને લઈને દુશ્મન દેશોનો ખતરો ટાળવા અને સલામતીનું માળખું હંમેશા માટે મજબૂત રહે એવા હેતુસર દ્વારકા ખાતે આજરોજ જિલ્લા પોલીસ વડા નીતેશ પાંડેય અને વિભાગીય પોલીસ અધિક્ષક એ.એસ.પી રાઘવજૈન દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ.આ દરબારમાં દ્વારકા હોટલ એસોસિએશન, વેપારી સંસ્થાઓ અને દ્વારકાધીશ સંલગ્ન સેવાપૂજા કરતા પંડાઓ અને પુજારી વર્ગ ઉપસ્થિત રહેલ લોકદરબારના પ્રારંભે દ્વારકા પોલીસે ડ્રોન અંગેની વિવિધ તસ્વીરો તથા તેનો ઉપયોગ અને તેની સલામતી માટે લાઈવ પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું બાદમાં આ અંગેની વિસ્તૃત સમજણ આપતા જિલ્લા પોલીસ વડાએ જણાવેલ કે સને ૧૯૬૫ માં પણ દુશ્મન દેશ દ્વારા દ્વારકાધીશ મંદિરને ટાર્ગેટ બનાવેલ અને દ્વારકાધીશ ની કૃપાથી આંચ આવેલ નહીં પરંતુ વર્તમાન યુગમાં ઈલેક્ટ્રોનિક ઉપકરણોનો ઉપયોગ આતંકવાદી પ્રવૃત્તિઓ માટે દેશના દુશ્મનો દ્વારા ખૂબ વધી ગયો હોય આવા ઉપકરણોથી દુશ્મન દેશ સરહદી વિસ્તાર અને જગત મંદિરને ટાર્ગેટ ન બનાવે તે માટે સતત જાગૃત થી રાખવાની રહેશે જિલ્લા પોલીસ વડાએ સ્થાનીય ઉપસ્થિતિનો ખાસ કરીને હોટલ એસોસિએશનના સભ્યોને તેમની હોટલના સંકુલમાં ડ્રોન કેમેરા દ્વારકાધીશ મંદિર આસપાસના વિસ્તારોમાં પ્રતિબંધિત હોવાનું સૂચિત કરવા તેમજ ધ્વજાજી નું આરોહણ માટેની ગુગળી બ્રાહ્મણ જ્ઞાતિ કાર્યાલયમાં પણ દરેક ધ્વજાજી મનોરથી ઓને આ અંગે સૂચિત કરવા જણાવવામાં આવ્યું હતું. વધુમાં ચાલુ વર્ષમાં જ ડ્રોન કેમેરો ઉડાડવા અંગે ત્રણ ગુનાઓ નોંધાયા હોય આ અંગે વેપારીઓની જાગૃતતા ને એસ.પી પાંડે એ વખાણતા જણાવેલ કે આગામી સમયમાં મંદિર આસપાસ તથા મહત્વના સ્થળોના વેપારીઓ તથા પોલીસ વચ્ચે ડ્રોન અંગે સતર્કતા કેળવવા સોશ્યલ મીડિયા ગ્રુપ પણ બનાવવામાં આવશે આ ઉપરાંત સ્થાનીય આગેવાનોએ દ્વારકાધીશ મંદિર વિસ્તારમાં પોલીસ દ્વારા ડ્રોન કેમેરા ઉપર પ્રતિબંધ છે તે પ્રકારના દિશા સૂચક બેનરો લગાવવાનું સૂચન કર્યું હતું જેનું જિલ્લા પોલીસ વડાએ હકારાત્મક અભિગમ દાખવી સ્થાનીય પોલીસને ઘટતું કરવા સૂચના આપી હતી.

# ખંભાળિયામાં વિવિધ જમાતના કલાત્મક તાજીયાઓ પડમાં આવ્યા - વિશાળ ઝુલુસનું આયોજન



જામ ખંભાળિયા, તા. ૨૯

ખંભાળિયા શહેર તથા તાલુકામાં મહોરમના તહેવારોને અનુલક્ષીને ગત રાત્રે જુદા જુદા વિસ્તારોમાં અનેક જમાતના કલાત્મક તાજીયાઓ પડમાં આવ્યા હતા. ખંભાળિયામાં આકર્ષક રોશનીની સાથે રંગબેરંગી ડેકોરેશનવાળા તાજીયાઓ પડમાં આવ્યા હતા. અહીંના ચાંદાણી જમાત, પંજા જમાત, પઠાણ જમાત, મેમણ જમાત, સંધી જમાત, મકરાણી જમાત, પીંજારા જમાત, માજોઠી જમાત, કુરેશી જમાત વિગેરે દ્વારા તૈયાર કરવામાં આવેલા આકર્ષક તાજીયાઓ ગત રાત્રે પડમાં આવ્યા છે. આ ઉપરાંત ખંભાળિયા તાલુકાના સલાયા, વાડીનાર, સહિતના ગામોમાં પણ વિવિધ પ્રકારના આયોજનો કરવામાં આવ્યા છે. તાજીયા ઝુલુસના રૂપે શહેરના જુદા જુદા વિસ્તારોમાં ફરશે, જે રાત્રે ટાઢા કરવામાં આવશે. તહેવાર દરમિયાન અહીંના જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયના માર્ગદર્શન હેઠળ અહીંના ડીવાયએસપી હાર્દિક પ્રજાપતિ, અહીંના ઈન્ચાર્જ પી.આઈ. એન.એચ. જોશી તથા સ્ટાફ દ્વારા જરૂરી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

# જૂનાગઢના સોનરખ પુલ નજીક રેલ્વે ટ્રેક ઉપર અજાણ્યા વ્યક્તિનો મૃતદેહ મળ્યો

જૂનાગઢ તા.૨૯ : જૂનાગઢ શહેર નજીક આવેલ સોનરખ પુલના રેલ્વે ટ્રેક ઉપર આજે સવારે એક વ્યકિતનો મૃતદેહ જોવા મળ્યો હતો આ બાબતની રેલ્વે પોલીસને જાણ થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને મૃતદેહનો કબ્જો લઈ હોસ્પીટલ ખાતે પીએમ માટે મોકલી આપેલ હતો. પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.


દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફક્ત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે


# ગૌરક્ષક સેવા સમિતિ જામકંડોરણા દ્વારા સ્વ.વિઠલભાઈ રાદડીયાની ચતુર્થ પુણ્યતિથિ નિમિત્તે જામકંડોરણામાં બાળકોને વિના મૂલ્યે ચોપડા અને બોલપેનનું વિતરણ કરાયું

(હરપાલસિંહ દ્વારા)

જામકંડોરણા તા. ૨૯



ખેડૂત નેતા, સ્વ.વિઠલભાઈ રાદડીયા ની ચતુર્થ પુણ્યતિથિ નિમિત્તે ગૌરક્ષક સેવા સમિતિ ટ્રસ્ટ જામકંડોરણા દ્વારા જામકંડોરણા ની તાલુકા શાળા અને કન્યા શાળા માં ભણતા સરકારી શાળા ના ધો ૧ થી ૮ સુધી નાં તમામ બાળકો ને વિના મૂલ્યે ચોપડા અને બોલપેન નું વિતરણ કરવામાં આવ્યું.આ કાર્યક્રમ ખેડૂત નેતા સ્વ.વિઠ્ઠલભાઈ રાદડીયા નાં પુત્ર શ્રી લલિતભાઈ રાદડીયા નાં અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો.લલિતભાઈ રાદડીયા અને આગેવાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ ને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.જેમાં રાજકોટ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ ગોવિંદભાઈ રાણપરીયા, જામકંડોરણા મામલતદાર સાંગાણી સાહેબ,તાલુકા ભાજપ પ્રમુખ ચંદુભા ચોહાણ, ભાજપ અગ્રણી સુરેન્દ્રસિંહ વાળા, સરપંચ બાવનજીભાઈ બગડા, તાલુકા પંચાયત સદસ્ય જેન્તીભાઈ ચુડાસમા, દર્શનભાઈ પરમાર, રાજપુત સમાજ પ્રમુખ તેજુભા જાડેજા, તાલુકા ભાજપ મહામંત્રી ગૌતમભાઈ વ્યાસ, હિન્દૂ ધર્મ સેના પ્રમૂખ ધર્મેશભાઈ પટેલ, વી.હી.પ.પૂર્વ પ્રમુખ મુકુંદભાઈ જાની, દાનુભા જાડેજા, નાગદેવસિંહ જાડેજા, નયનભાઈ હિંગુ, દિનેશભાઈ લક્કડ, એ હાજરી આપી હતી .કાર્યક્રમ ને સફળ બનાવવા સમિતિ નાં પ્રમુખ ક્રીપાલસિંહ જાડેજા પીપરડી, જીતેન્દ્રસિંહ વાળા ચરેલ, વનરાજસિંહ ચોહાણ, શ્યામ સરવૈયા, વિશ્વાસ બાલધા, વિવેક રાદડીયા ,જય કોયાની, જયેશ લીંબડ એ જેહમત ઊઠાવી હતી.. સંપુર્ણ કાર્યક્રમ નું સંચાલન તાલુકા શાળા પ્રિન્સીપાલ અને સમિતિ નાં ટ્રસ્ટી વિજયભાઈ રાણપરીયા એ કર્યુ હતું.

# ચોથા પ્રયાસમાં UPSC પાસ કરનાર, IPS સાક્ષી વર્મા ઉર્ફે 'લેડી સિંઘમ' કુલ્લુના એસપી તેમની બચાવ કામગીરી માટે પ્રશંસા મેળવી રહ્યાં છે

(એજન્સી) તા.૨૯

હાલમાં જ હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદને કારણે થયેલા વિનાશને કારણે પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી, રાજ્યમાં તૈનાત નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF)ની ૪૨૦ સભ્યોની ટીમ બચાવ કામગીરી હાથ ધરવા માટે ફસાયેલા લોકો સુધી પહોંચી હતી. એડીજી (વિજિલન્સ) સતવંત અટવાલ ત્રિવેદીએ કુલ્લુના એસપી સાક્ષી વર્મા અને મંડીના એસપી સૌમ્ય સંબાસિવન જેવી મહિલા અધિકારીઓ કેવી રીતે બચાવ અને રાહત કામગીરીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે તે વિશે વાત કરી હતી. માત્ર ૨૮ વર્ષની ઉંમરે એસપી બનેલા IPS સાક્ષી વર્માએ હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદ વચ્ચે ખૂબ જ સરળતાથી બચાવ કામગીરી હાથ ધરી હતી. તેણીએ ચોથા પ્રયાસમાં ૧૭૫મો રેન્ક મેળવીને IAS પરીક્ષા પાસ કરી હતી. સાક્ષીનો જન્મ ૩૧ ઓગસ્ટ ૧૯૮૯ના રોજ પંજાબના રાજપુરામાં થયો હતો. તેણીએ ૨૦૧૪માં આઈપીએસ અધિકારી બનવાનું ગૌરવ હાંસલ કર્યું હતું. તે આ ઉંમરે એસપી બનેલી સૌથી યુવા મહિલાઓ પૈકી એક છે. આ અગાઉ તેણીને શિમલામાં એસએસપી તરીકે પોસ્ટ કરવામાં આવી હતી જ્યાં તેણીએ ડ્રગની દાણચોરીના વ્યવસાય સાથે સંકળાયેલા માફિયાઓને નિષ્ફળ બનાવ્યા હતા. ૨૦૧૭ની શરૂઆતમાં, તેણીએ સંજૌલીમાં દરોડા પાડીને બ્રાઉન સુગરના સપ્લાયરને તેની કાર સાથે રંગે હાથે પકડ્યો હતો.



સિધ્ધ મ્યુઝીક કરાઓકે એકેડેમી



જૂનાગઢમાં સહુ પ્રથમ લેડીઝ દ્વારા ચાલતા સંગીતનાં કલાસ...
શું આપ સંગીતનાં શોખીન છો? આપને ગાવાનો શોખ છે. તો આવો આપણે સાથે મળીનો સંગીતનાં સુર રેલાવીએ.
હિન્દી ફિલ્મોનાં ગીતો તથા અન્ય ગીતો કરાઓકે ટ્રેકમાં એકેડમીનાં સ્ટેજ ઉપર ગાવા મળશે. શ્રી હરીવાડી, શ્રી હાટકેશ હોસ્પીટલ પાસે જૂનાગઢ.
લીનાબેન ભટ્ટ
મો. ૯૦૩૩૯ ૧૨૪૯૩

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
• સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
• જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં
• આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
ગેરંટી સાથે ભેંસનું તથા ગાયનું ૧૦૦ ટકા શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
આથી ગ્રાહકજનોને અમારા નવા મોબાઈલ નંબર નોંધી લેશો
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

માણસો જોઈએ છે
બેકરી શો રૂમમાં કામ કરી શકે તેવા માણસોની જરૂર છે
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

### મેડિકલ ઈતિહાસમાં પ્રથમ ઘટના

# વડોદરામાં યુવાનના શરીરમાંથી ૧૬૨૮ પથરી નીકળવાની ઘટના સામે આવી

**આટલી મોટી સંખ્યામાં પથરીઓ દુર થાય તેવો પ્રથમ કિસ્સો મેડિકલ ઈતિહાસમાં જોવા મળ્યો છે**

વડોદરા, તા.૨૯

વડોદરાના નવાયાર્ડ વિસ્તારમાં રહેતા નવાયાર્ડમાં રહેતો ૩૫વર્ષીય મહંમદખલીક પઠાણજે ફેબ્રિકેશનના વ્યવસાય સાથે સંકળાયેલો છે. તેના પિત્તાશયમાંથી ૧૬૨૮ પથરીઓ લેપ્રોસ્કોપીક સર્જરી દ્વારા દુર કરવામાં આવી હતી. ખલિક પઠાણ કે જેમના પિત્તાશયમાં પથરી હોવાનું નિદાન થયુ હતું. લેપ્રોસ્કોપીક સર્જન દ્વારા તેના પિત્તાશયની પથરી લેપ્રોસ્કોપીક સર્જરીથી દુર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

ગુરૂવારે યુવાન ઉપર શસ્ત્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

જયારે પિત્તાશયમાંથી ૧૬૨૮ ઉપરાંત પથરીઓ દુર કરવામાં આવી હતી. આટલી મોટી સંખ્યામાં પથરીઓ દુર તેવો પ્રથમ કિસ્સો મેડિકલ ઈતિહાસમાં જોવા મળ્યો છે. લેપ્રોસ્કોપીક સર્જન ડૉ લલીત મછાર, ડોકટર જીતેન્દ્ર મિસ્ત્રી અને એનેસ્થેટીસ ડૉ તુષાર ચોકસીએ આ ઓપરેશનને પાર પાડ્યુ હતું. સાથે જ ૩૦ વર્ષની તબીબી કેરીયર દરમ્યાન પણ પિત્તાશયમાં આટલા મોટા પ્રમાણમાં પથરી જોવા મળી હોય તેવો આ પ્રથમ કિસ્સો હોવાનું જણાવ્યુંહતું. તબીબોએજણાવ્યું કે, પિત્તાશયમાં પથરી થવા પાછળના કારણોમાં ચરબી, માંસાહાર ફાસ્ટફુડનો વધુપડતો આહાર કારણભુત છે. આ ઉપરાંત ચયાપચયની પ્રક્રિયામાં ઉભા થયેલા અવરોધના કારણે પિત્તાશયમાં પથરી થાય છે.

# દિવ્યાંગજનોને સ્વરોજગારી માટે રૂા.એક લાખ સુધીની લોન મળશે

**તા.૫ ઓગસ્ટ સુધીમાં રૂબરૂ અથવા ઓનલાઈન અરજી કરવાની રહેશે**

જૂનાગઢ, તા.૨૯

દિવ્યાંગજનોને સ્વરોજગારી માટે સરકાર દ્વારા રૂપિયા એક લાખ સુધીની લોન આપવામાં આવે છે. જેના ફોર્મ તા.૫ ઓગસ્ટ સુધીમાં રૂબરૂ અથવા ઓનલાઈન અરજી કરવાની રહેશે. ગુજરાત રાજ્ય દિવ્યાંગ નાણાં અને વિકાસ નિગમ ગાંધીનગર દ્વારા દિવ્યાંગ ભાઈઓ-બહેનો ધંધો રોજગાર શરૂ કરવા માટે રૂા.૧ લાખ સુધીની લોન આપવાની યોજના કાર્યરત છે. જેનું ફોર્મ ભરવાનું હાલ ચાલું થયેલ છે. આ લોન મેળવવા માટે દિવ્યાંગ ધારા ૨૦૧૬ મુજબની દિવ્યાંગતા ધરાવતા અરજદારોએ તા.૫/૮/૨૦૨૩ સુધીમાં જિલ્લા કક્ષાએ સમાજ સુરક્ષા અધિકારીની કચેરી જૂનાગઢ ખાતે રૂબરૂ અથવા વેબસાઈટ esamajklyan.gujarat.gov.in ઉપર ફોર્મ ભરવાનું રહેશે.

દિવ્યાંગ ભાઈઓ બહેનોને પશુપાલન દુધાળા જાનવર માટે, ઈલેક્ટ્રીક વસ્તુ વેચવા, રીપેરીંગ માટે, ઓટો રીપેરીંગ કામ માટે, ચા દુકાન માટે, જનરલ પ્રોવિઝન સ્ટોર જેવા વિવિધ ૨૫ ધંધા રોજગાર માટે લોન આપવામાં આવે છે. જે માટે દિવ્યાંગજનોને સમાજ સુરક્ષા ક્ચેરી જૂનાગઢનો સંપર્ક કરવા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# આર.ટી.ઓનાં કૌભાંડમાં પોલીસે ૩ આરોપીની ધરપકડ કરી

અમદાવાદ, તા.૨૯

અમદાવાદ સાયબર ક્રાઈમ એ ટ્રેક ટેસ્ટ વગર લાયસન્સ ઈસ્યુ કરવામાં આવતા કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. એ.આર.ટી.ઓની મિલી ભગતથી ચાલતા આ કૌભાંડમાં પોલીસે ૩ આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓ ટેકનિકલ છેડછાડ કરીને લાયસન્સ ઈસ્યુ કરાવી આપતા હતા. RTOમાં લાયસન્સને લઈને ચાલતી લાલિયાવાડી દૂર કરવા માટે વાહન વ્યવહાર વિભાગદ્વારા ટેસ્ટ ટ્રેક બનાવવામાં આવ્યો છે. જો કે ટ્રેક ટેસ્ટ પાસ કરવી અઘરી બનતા કેટલાક લોકોએ શોર્ટ કટમાં બારોબાર લાયસન્સ મેળવવાનો કારસો રચ્યો અને ગાંધીનગર RTOમાં ફરજ બજાવતા બે ARTOઓની મિલીભગતથી એજન્ટોએ ટેસ્ટ આપ્યા વગર જ લાયસન્સ ઈસ્યુ કરાવી આપવાના કૌભાંડની શરૂઆત કરી. આરોપીઓ ૧૦હજાર રૂપિયામાં એક લાયસન્સ ઈસ્યુ કરાવી આપતા હતા. જો કે આર ટી ઓના અધિકારીને આ બાબતની જાણ થતાં તેમણે અમદાવાદ સાયબર ક્રાઈમમાં ફરિયાદ દાખલ કરાવી હતી.

**જૂનાગઢ જીલ્લાનાં ખમીરવંતા યુવાનો સંરક્ષણ ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દી ઘડતર માટે**

# સંરક્ષણ ભરતી પૂર્વે આયોજીત થનાર નિવાસી તાલીમ વર્ગ યોજાશે

**તાલીમ વર્ગમાં જોડાવા માંગતા યુવાનોએ તા. ૭ ઓગસ્ટ સુધીમાં અરજી કરવી**

જૂનાગઢ, તા.૨૯

જૂનાગઢ જિલ્લાનાં ખમીરવંતા યુવાનો સંરક્ષણ ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દીનું ઘડતર કરી શકે તેવા હેતુસર ફકત અપરણિત પુરૂષ ઉમેદવારો માટે ૩૦ દિવસના નિવાસી તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવનાર છે.

પ્રસ્તુત તાલીમ વર્ગમાં જોડાવા ઈચ્છુકોએ ૫૦ ટકા ગુણ સાથે એસ.એસ.સી. પરીક્ષા ઉત્તીર્ણ કરેલ હોય તેમજ ૧૭.૫ વર્ષથી ૨૩ વર્ષની વય મર્યાદા ધરાવતા અને ઊંચાઈ ૧૬૮ સેમી તેમજ છાતી ૭૭ સેમી તથા ૫ સેમીના ફુલાવા સાથે નું શારીરિક માપદંડ પૂર્ણ કરતા હોય તેવા યુવાનોએ ગુગલ ફોર્મ https://surl.li/jmspt ઉપરથી ઓનલાઈન વિગતો ભરી ઓનલાઈન અરજીફોર્મ સબમીટ કરવાનું છે. પ્રસ્તુત તાલીમ વર્ગમાં થલ સેના દ્વારા અગ્નિવીર સોલ્જર કક્ષાઓમાં જોડાવા માટે યોજાયેલ લેખિત કસોટી ઉત્તીર્ણ કરેલ હોય અથવા એન.સી.સી.નું સી કે બી પ્રમાણપત્ર ધરાવતા હોય તેમને પસંદગીમાં અગ્રતા આપવામાં આવશે. તાલીમમાં જોડાયેલ યુવાનોને તાલીમ વર્ગ ખાતે નિર્ધારીત સ્થળ ઉપર ફરજિયાત નિવાસ કરવાનો રહેશે તેમજ રહેવા-જમવાની સુવિધા તથા શારીરિક અને માનસિક કસોટીની તૈયારી નિઃશુલ્ક કરાવવામાં આવનાર છે. તાલીમાર્થીઓને નિયત ધોરણોને આધિન સ્ટાઈપેન્ડ મળવાપાત્ર છે. તાલીમવર્ગમાં જોડાવા માટે અરજીપત્રક ગુગલ ફોર્મલિંકઃ https://surl.li/jmspt ઉપરથી તારીખ ૭/૮/૨૦૨૩ સુધીમાં ઓનલાઈન ભરવાનું રહેશે.

તાલીમ વર્ગ સંબંધિત વધુ માહિતી અને માર્ગદર્શન માટે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢના રોજગાર સેતુ કોલ સેન્ટઅર નંબરઃ૬૩૫૭૩૯૦૩૯૦ પર સંપર્ક કરવા જણાવવામાં જિલ્લા રોજગાર અધિકારી (સા.)ની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# બહાઉદ્દીન વિનયન કોલેજનાં વિદ્યાર્થીઓને સાયબર ફ્રોડથી બચવા માટે લઘુનાટક ‘મોબાઈલની માયાજાળ’ દ્વારા સંદેશ

**જીલ્લા માહિતી કચેરી-જૂનાગઢ દ્વારા સાયબર ફ્રોડથી બચવા માટેની પહેલને આવકાર**




જૂનાગઢ, તા.૨૯

સાંપ્રત સમયમાં સાઈબર ક્રાઈમ સંબંધીત ગુનાઓ સામે આવી રહ્યા છે, ત્યારે લોકોમાં જનજાગૃતિ કેળવાય તેવા આશય સાથે જિલ્લા માહિતી કચેરી-જૂનાગઢ દ્વારા એક અભિનવ પહેલ કરવામાં આવી છે જેના ભાગરૂપે જૂનાગઢની ઐતિહાસિક બહાઉદ્દીન સરકારી વિનિયન કોલેજ ખાતે ‘મોબાઈલની માયાજાળ’ શીર્ષક હેઠળ લઘુ નાટક યોજવામાં આવ્યું હતું

આધુનિક યુગમાં મોબાઈલનો ઉપયોગ થઈ રહ્યો છે. મોબાઈલની ઘણી વિપરીત અસરોના ગંભીર પરિણામો પણ સામે આવ્યા છે. ત્યારે સ્વપ્ર યુવા વિકાસ મંડળના હર્ષદ વાજા અને તેમની ટીમે બાળકોને મોબાઈલથી દૂર રાખવા, OTP તથા અન્ય બેંક સંબંધિત વિગત શેરના કરવી વિડીયોકોલ દ્વારા બ્લેકમેલિંગ, ઓનલાઈન વિડીયો ગેમ, લોભામણી વાતો તથા મેસેજ વગેરે બાબતોને હળવી શૈલીમાં આવરી લઈ આ નાટક પ્રસ્તુત કર્યુ હતું. આ ઉપરાંત આ પ્રકારના ફ્રોડ થાય. તે માટેની ૧૯૩૦ તથા ૧૦૦ નંબર ઉપર પણ સંપર્ક કરવા અંગેની અગત્યની માહિતી આ માધ્યમથી આપવામાં આવી હતી.

આ તકે પ્રિન્સિપલ ડો.પી.વી. બારસીયા, ડો. એ. એન. સરવૈયા પ્રવર્તમાન સમયમાં મોબાઈલ ફ્રોડથી બચવા માટે જિલ્લા માહિતી કચેરી- જૂનાગઢના જનજાગૃતિ આ કાર્યક્રમને આવકાર્યો હતો. સાયબર ક્રાઈમ સેલના અધ્યક્ષ ડો.ભાવનાબેન ઠુંમરે આભારવિધિ કરી હતી. આ સમિતિના સભ્ય ડો.દીપિકા કેવલાણી, ડો. જીગ્નેશ કાચા તથા સમગ્ર કોલેજ સ્ટાફ ગણ અને વિદ્યાર્થીઓએ માણ્યું હતું અને સાર્થક સંદેશ પ્રાપ્ત કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડો. જીગ્નેશ કાચાએ કર્યુ હતું.

# પ્રેમાનંદ વિદ્યા મંદિર ખાતે કલાઉત્સવની થયેલ ઉજવણી




જૂનાગઢ, તા.૨૯

તાજેતરમાં જૂનાગઢ ખાતે કલા ઉત્સવ ઉજવાઈ ગયો. ગુજરાત સરકાર દ્વારા દર વર્ષે વિદ્યાર્થીઓમાં રહેલી કલાને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે કલા ઉત્સવનું આયોજન કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪નો ટીંબાવાડી કલસ્ટરના સીઆરસી અંતર્ગતની શાળાઓ માટે કલા ઉત્સવ ૨૦૨૩ શ્રી પ્રેમાનંદ વિદ્યામંદિર ખાતે ઉજવવામાં આવેલ હતો. આ કલા ઉત્સવમાં ચિત્રકામ, બાળ કવિ, સંગીત ગાયન અને સંગીત વાદ્ય જેવી વિવિધ સ્પર્ધાઓ રાખવામાં આવી હતી. જેમાં વિવિધ શાળાઓમાંથી ૩૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિજેતા વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ તથા રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સંગીતની સ્પર્ધાઓમાં તનુજ શ્વેતાંગ વૈષ્ણવે માનદ સેવા આપી જજ તરીકે ફરજ બજાવી હતી. આ ઉપરાંત સીઆરસી તથા શાળાઓના શિક્ષક મિત્રોએ સુંદર ફરજ બજાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

**સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ**

# જૂનાગઢ મહાનગર વોર્ડ નંબર ૬ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો




જૂનાગઢ, તા.૨૯ : સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ જૂનાગઢ મહાનગર દ્વારા "સ્વામી વિવેકાનંદ વન " કાર્યક્રમ સ્ટેટ કો-ઓર્ડીનેટર કૌશલભાઈ દવે, ઝોન સંયોજક વનરાજભાઈ સુત્રેજાના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ મહાનગર ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ કરવામાં આવ્યો. જેમાં સ્વામી વિવેકાનંદ યુવા બોર્ડ મહાનગર સંયોજક કેવિનભાઈ અકબરી, જૂનાગઢ કિશાન મોર્ચા મહામંત્રી કિશોરભાઈ સાવલિયા, વોર્ડ સયોજકો યોગેશ જેઠવા, મયુર બોઘરા, અનિલ પરમાર, નિલેશ રાનેરા, પરાગ રાઠોડ, પ્રિન્સ હુણ, પિયુષ ગઢવી, કેતન નાંઢા, ભાવેશ મોરી તેમજ પર્યાવરણ પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# માંગરોળ તાલુકાના લોએજ ગામે ચાંડેરા પરિવાર દ્વારા થયેલ ચક્ષુદાન

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ, તા.૨૯



માંગરોળ તાલુકાના લોએજ ગામના ચારવડ વાડી વિસ્તારમાં રહેતા સ્વ.જેતાભાઈ નારણભાઈ ચાંડેરા ઉ.વર્ષ.૯૬ કે જેઓ નગાભાઈ,પરબતભાઈ,રામભાઈ અને સરમણભાઈના પિતા શ્રી થાય છે.તેમજ અમારા રેગ્યુલર રકતદાતા રાજુભાઈના દાદા થાય છે.જેમનું તા.૨૮.૦૭.૨૦૨૩ને શુક્રવાર,અધિક માસ દસમના રોજ ઉંમરના કારણે દુઃખદ અવસાન થયેલ છે. આથી આ દુઃખદ સમયે તેમના પરિવાર દ્વારા સદગતના ચક્ષુનું દાન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.આથી તેમના પરિવારના રેગ્યુલર રક્તદાતા શ્રી રાજુભાઈ ચાંડેરા દ્વારા આરેણા સ્થિત શિવમ્ ચક્ષુદાન સલાહકેંદ્રના સંચાલકને જાણ કરવામાં આવી હતી.

આથી નેત્ર કલેક્શન માટે લોએજ ગામના વતની રાજેશભાઈ સોલંકી તેમજ રાણાભાઈ ચાંડેરા દ્વારા સદગતના નેત્રનું કલેકશન કરવામાં આવ્યું હતું.અને આજના ચક્ષુનો સ્વિકાર પરેશભાઈ ઘેરવડા દ્વારા કરવામાં આવ્યો હતો.આ સમયે તેમના પરિવારજનો, કુટુંબીજનો, સગા સ્નેહીજનો, ગ્રામજનો ઉપસ્થિત રહી સહકાર આપેલ. સ્વર્ગસ્થ જેતાભાઈના બંન્ને ચક્ષુ ડો.થાનકીની મુનિ સંત બાલાજી આઈ બેંક અને હોસ્પિટલ વેરાવળ, જિ.ગીર સોમનાથને કરશનભાઈ વાજા દ્વારા પહોંચાડવામાં આવ્યા હતા.

આ પરિવાર દ્વારા થયેલ આ ચક્ષુદાને આપણા પૂરાણોમાં થયેલા દાન ધર્મના મહિમાને ખરા અર્થમાં સાર્થક કર્યો છે. ચાંડેરા પરિવાર દ્વારા થયેલ આ મહાદાનને શિવમ્ ચક્ષુદાન ગૃપ-આરેણા, માંગરોળ જાયન્ટ્સ ગૃપ, વંદેમાતરમ્ ગૃપ-માંગરોળ, સ્વ. લક્ષ્મણભાઈ એ. નંદાણિયા વિવિધ લક્ષી સેવાકીય ટ્રસ્ટ-માંગરોળ, સંજીવની નેચર ફાઉન્ડેશન-માંગરોળ, શ્રી ડુગરગુરૂ સ્થાનકવાસી જૈનયુવક મંડળ જુનાગઢ, માંગરોળ તાલુકાના પત્રકારમિત્રો, ઈન્ડિયન વુમન રાઈટ્સ એસોસીએશન-માંગરોળ દ્વારા બિરદાવવામાં આવે છે અને આપના પરિવાર ઉપર આવી પડેલ મુશ્કેલીને સહન કરવાની શકિત પ્રભુ આપને આપે તેવી પ્રાર્થના કરીએ છીએ. તેમજ સ્વર્ગસ્થ જેતાભાઈના આત્માને શ્રી કૃષ્ણના ચરણોમાં સ્થાન મળે તે પ્રાર્થના સહ શ્રધ્ધાંજલી મિત્રો. આ તકે આપને જણાવી એ છીએ કે આપણા વિસ્તારમાં કોર્નિયાથી અંધ લોકો આપના ધ્યાનમાં હોય તો એમના ઓપરેશન પહેલાની તપાસ કરીને ઓપરેશન માટે ફીટ હોવી જોઈએ. મતલબ આ આંખના કોર્નિયાનું પ્રત્યારોપણ ત્યારે જ શક્ય બને છે કે એમના સ્નાયુ બિલકુલ સ્વસ્થ હોય, પડદો આંખનો ડેમેજ ન થયો હોય, આંખનું પ્રેશર નોર્મલ હોવું જરૂરી છે. સાથે સાથે બી.પી., ડાયાબિટીસ વગેરે પણ જોવાતું હોય છે. આમ જે લોકોને કોર્નિયાથી અંધ વ્યક્તિ હોય એમને ભારત કોર્નિયા અંધત્વ મુક્ત અભિયાન અંતર્ગત નેત્ર પ્રત્યારોપણ શક્ય હોય છે.આવી વ્યક્તિની જાણ કરવા વિનંતી છે જેથી એમને આપણે દ્રષ્ટી ફરીથી અપાવી શકીએ છીએ.

# ઉના ખાતે સ્વામિનારાયણ મંદિર ખાતે હીંડોળા દર્શન

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૨૯





ઉના શહેરમાં શેઠ વાડામાં ૧૦૩ વરસ જુનું સ્વામિનારાયમનું મંદિર આવેલ છે જયાં લક્ષ્મી નારાયણ દેવ હરિકૃષ્ણ મહારાજની સુંદર મૂર્તિઓ સુવર્ણ સિંહાસનમાં બિરાજમાન છે અને ખુદ સ્વામિનારાયણ ભગવાને પુજેલા લાલજી મહારાજની મૂર્તિ અને શાલિગ્રામ ભગવાન પ્રસાદીના છે ત્યાં પુરષોત્તમ માસ અને શ્રાવણ માસ દરમ્યાન મંદિરના કોઠારી શાસ્ત્રી સ્વામી રામ કૃષણ દાસજીના માર્ગદર્શન હેઠળ હરિભકતો અને બ્રહ્મચારીઓએ દરોજ વિવિધ હિંડોળાના શણગાર કરે છે જેમાં વિવિધ ફૂલોના હિંડોળા બનાવી તેમાં ઠાકોરજીનેબેસાડી ભક્તોઝૂલા જુલાવી ધન્ય બની ભક્તિ કરી રહ્યા છે.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર ભવન દ્વારા ‘વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસ’ ની ઉજવણી કરવામાં આવી

જૂનાગઢ, તા.૨૮

જુલાઈ એટલે કે વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસ નિમિત્તે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જૂનાગઢના સમાજશાસ્ત્ર ભવન દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ નિમિતે ‘મારી માટી મારો દેશ’ થીમ અંતર્ગત તથા ‘પ્રકૃતિ બચાવોજીવન બચાવો’ વિષય ઉપર આંતર અનુસ્નાતક ભવન વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કુલપતિ પ્રો.ચેતનભાઈ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં પર્યાવરણના જતન વિષે તથા પ્રકૃતિના ટકાઉ વિકાસ સંદર્ભે જાગૃતિ કેળવાય તે હેતુથી યોજાયેલ આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક ભવનોના વિદ્યાર્થીઓએ ઉમળકાભેર ભાગ લીધો હતો. શરૂઆતમાં સ્વાગત પ્રવચન સમાજશાસ્ત્ર ભવનના અધ્યક્ષ પ્રો. જયસિંહ ઝાલાએ કર્યુંહતું અને આજના સમયમાં પર્યાવરણનું મહત્વ સમજાવ્યુંહતું. વિદ્યાર્થીઓએ વકતૃત્વ સ્પર્ધા દરમ્યાન પ્રકૃતિ અને પર્યાવરણનું જતન, પ્રદૂષણ, ગ્લોબલ વોર્મિંગ, પ્રદૂષણના ગેરફાયદા, ઘટતું જતું ઓઝોન વાયુનું

સ્તર, વૃક્ષોનું વધુમાં વધુ વાવેતર અને તેનો ઉછેર, પ્રદુષણ ઘટાડવાના ઉપાયો, ગ્રીન ઈન્ડિયા ક્લીન ઈન્ડિયા વગેરે ઉપર વિસ્તૃત વકતવ્ય આપ્યું હતું. વકતૃત્વ સ્પર્ધાના અંતે પ્રથમ ક્રમે અમી સરવૈયા, દ્વિતીય ક્રમે કેયુર છેલાણા તથા તૃતીય ક્રમે દિવ્યા ખાણીયા વિજેતા થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયકો તરીકે પ્રો. ફિરોઝભાઈ શેખ તથા ડો.અનિતાબા ગોહિલે પોતાની સેવાઓ આપી હતી. કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન ડો.પરાગ દેવાણીએ કર્યુ હતું તથા અંતમાં આભારવિધિ ડો.ઋષિરાજ ઉપાધ્યાયે કરી હતી. વિવિધ અનુસ્નાતક ભવનોમાંથી ભાગ લેનાર તમામ પ્રતિસ્પર્ધી વિદ્યાર્થીઓને પણ વિજેતાઓ સાથે સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# ભારતમાં યૌન શોષણ મામલે બેવડા માપદંડો

મણિપુરમાં બે મહિલાઓ સાથે થયેલ યૌન હિંસાની બિભત્સ ઘટના બાદ મહિલા ઉત્પીડનની અન્ય શરમજનક ઘટનાઓને લઈને વિભિન્ન પક્ષો એકબીજા પર જે રીતે આરોપો ઉછાળી રહ્યા છે, તે સસ્તા રાજકારણ અને મહિલાઓ વિરૂધ્ધ થનારા અપરાધોને લઈને રાખવામાં આવતી અસંવેદનશીલતા જ કહી શકાય. રાજનીતિના આ વલણને કારણે મહિલાઓ વિરૂધ્ધ થનારા અપરાધો પર પ્રભાવી લગામ નથી લાગી શકતી. જોકે મણિપુરની ઘટના ક્યાંય વધારે ભયાવહ અને વિચલિત કરનારી છે, પરંતુ તેનો અર્થ એ નથી કે દેશના અન્ય હિસ્સામાં મહિલાઓ સાથે યૌન હિંસા અને ઉત્પીડનની જે શરમજનક ઘટનાઓ બની રહી છે, તેની ધરાર અવગણના જ કરી દેવામાં આવે કે પછી એવું દર્શાવવામાં આવે કે આવું તો થતું જ રહે છે! ગત દિવોસમાં બંગાળના માલદામાં બે મહિલાઓના કપડાં ફાડીને અર્ધનગ્ન અવસ્થામાં તેમની સાર્વજનિક રૂપે પીટાઈ કરવામાં આવી. તેમના પર ચોરીની શંકા હતી. શું ચોરીની શંકામાં પકડવામાં આવેલી મહિલાઓને નિર્વસ્ત્ર કરીને મારવી સામાન્ય બાબત છે? શું સભ્ય સમાજને આ શોભા આપે છે? બંગાળમાં રાજકીય કારણોસર મહિલાઓ સાથે કંઈક આ જ પ્રકારની ઘટનાઓ થતી રહે છે, જેવી મણિપુરમાં થઈ. શું કોઈ એને ભૂલી શકે કે બંગાળની પાછલી વિધાનસભા ચૂંટણી બાદ તૃણમૂલ સમર્થકોએ પોલીસની હાજરીમાં જ વિરોધી પક્ષોના કાર્યકર્તાઓના ઘો લૂંટવા-બાળવાની સાથે જ તેમની મહિલાઓ સાથે કેવું યૌન ઉત્પીડન કર્યું હતું? ત્યારે એટલો આતંક મચાવ્યો હતો કે સેંકડો લોકોએ જીવ બચાવવા માટે અસમ ભાગી જવું પડ્યું હતું. હાલની પંચાયત ચૂંટણીઓમાં પણ બંગાળ ભીષણ હિંસાનું સાક્ષી બન્યું, પરંતુ મોટાભાગના પક્ષો તેના પર ચૂપ જ રહ્યા, કારણ કે મમતા કથિત રીતે સેક્યુલર નેતા છે!

મણિપુરની ઘટનાને લઈને અન્ય પક્ષોની સાથે કોંગ્રેસ પણ ભાજપ પર હુમલા કરી રહી છે. એ સ્વાભાવિક છે, પરંતુ શું એની અવગણના કરી શકાય કે રાજસ્થાન સરકારના એક મંત્રીએ જ્યારે એમ કહ્યું કે અમે મહિલાઓની સુરક્ષામાં નિષ્ફળ છીએ અને તેમના વિરૂધ્ધ જેવા અત્યાચાર થઈ રહ્યા છે, તેને જોતાં આપણે મણિપુરને બદલે આપણી અંદર જોવું જોઈએ, તો તેમને બરતરફ કરી દેવામાં આવ્યા. નિશ્ચિત રૂપે નારી વિરોધી અપરાધો મામલે વાત કોઈ રાજ્ય વિશેષની નથી. દેશના દરેક હિસ્સામાં તેમની સાથે અત્યાચાર થતા રહે છે અને કેટલીક વાર તો એટલા ભયાનક કે દેશને લજ્જિત થવું પડે છે, પરંતુ રાજકીય પક્ષો, અનેક બુધ્ધિજીવીઓ અને ત્યાં સુધી કે દેશ-વિદેશના મીડિયાનો એક ચોક્કસ હિસ્સો પણ પોતાનો આક્રોશ એ જોઈને વ્યક્ત કરે છે કે ઘટના કયા પક્ષના શાસનમાં થઈ? આ હિસાબે તેમની સંવેદના જાગે છે. આ અધમ કક્ષાની સંકીર્ણતા છે. પરસ્પર સંઘર્ષ અને રાજકીય-સામાજિક વૈમનસ્યને કારણે મહિલાઓનું યૌન ઉત્પીડન દુનિયાભરમાં થાય છે, પરંતુ આપણા દેશમાં રાજકીય ક્ષુદ્રતાને કારણે તેઓના મામલે બહુ બેશરમીથી બેવડા માપદંડો અપનાવવામાં આવે છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

બીજાની બુરાઈ કરવાનું છોડી દો, બધાય તમારા વશમાં થઈ જશે.

- અજ્ઞાત

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૨, મુ. મોહરમ-૧૪૪૫, જૈનવીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, અધિક શ્રાવણ સુદ-૧૧ કમલા એકાદશી, મુ. મોહરમ-તાજીયા તા.૨૯ જુલાઈ ૨૦૨૩, શનિવાર, પારસી તા.૧૮, મુસ્લિમ તા.૧૦, જયેષ્ઠા નક્ષત્ર, બ્રહ્મ યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૨૧, સૂ.અ.૭:૩૪

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય), રાત્રે ૧૧:૩૫ ક. પછી જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. આયોજનમાં સફળતા મળે.
વૃષભ: શેર-સટ્ટા વગેરેથી દૂર રહેવું હિતાવહ. નોકરી-વ્યવસાયમાં સાફળતા.
મિથુન: મિલન-મુલાકાતમાં વિઘ્ન આવે. મનમાં અશાંતિ અનુભવાય.
કર્ક: અગત્યના કાર્યમાં સફળતા મળે. વાદ-વિવાદથી દૂર રહેવું.
સિંહ: પ્રવાસ-મુસાફરી આનંદદાયક રહે. ધીરજના ફળ મીઠા મળે.
કન્યા: પ્રવાસમાં વિઘ્ન આવે. પારિવારીક મતભેદ સર્જાવવાની સંભાવના.
તુલા: સમાધાનકારી વલણ અપનાવવું. સાહસિક કાર્યથી દૂર રહેવું.
વૃશ્ચિક: નવિન તક ઉન્નતિ તરફ લઈ જાય. મનમાં પ્રફુલિતાતા અનુભવાય.
ધન: વ્યર્થ ક્રોધ અનુભવાય. મનમાં મૂંઝવણ રહે.
મકર: નાણાંભીડનો અનુભવ થાય. મહત્વના કાર્યમાં રૂકાવટ આવે.
કુંભ: પડવા-વાગવાથી સંભાળવું. વિલંબથી કાર્ય સફળતા.
મીન: જીવસાથીથી વાણી ઘર્ષણ થાય. કોર્ટ-કચેરીના કાર્યમાં સફળતા મળે.

### પિગકાસો વાસ્તવમાં એક ડુક્કર છે જે ચિત્રકાર પણ છે

# ડુક્કરે બનાવ્યું એક પેઈન્ટિંગ, ખરીદવા માટે લાગી લાઈનો



નવી દિલ્હી, તા.૨૯

ભારત જેવા દેશોમાં ડુક્કરને ખૂબ જ ઘૃણાસ્પદ પ્રાણી ગણવામાં આવે છે. તમે નાના નગરોમાં રસ્તાની બાજુમાં કાદવ કે ગંદકીમાં પડેલા ભૂંડને જોશો. બાય ધ વે, મોટા શહેરોમાં પણ અમુક જગ્યાએ આવો નજારો જોવા મળે છે. પરંતુ વિદેશમાં તેમની ખૂબ કાળજી લેવામાં આવે છે. રેસ્ટોરાંમાં ડુક્કરનું માંસ ઉપલબ્ધ છે અને લોકો તેને ખૂબ જ ઉત્સાહથી ખાય છે. પરંતુ દરેક ડુક્કર માત્ર લોકોને ખવડાવવા માટે નથી. આ ડુક્કર બિલકુલ નથી જેના વિશે આપણે વાત કરવા જઈ રહ્યા છીએ. એક આર્ટિસ્ટ પિગ (પેઈન્ટર પિગ સાઉથ આફ્રિકા) આ દિવસોમાં ખૂબ ચર્ચામાં છે, જે મોંમાંથી પેઈન્ટ બ્રશ પકડીને કેનવાસ પર પેઈન્ટ કરે છે. અહેવાલ મુજબ, દક્ષિણ આફ્રિકાની ફ્રેન્સચોક વેલીની ૫૦ વર્ષીય જોઆન લેફસન અને તેની 'પિગકાસો' ઘણી ફેમસ થઈ ગઈ છે. જોઆને ૫ વર્ષ પહેલા ૨૦૧૬માં કેપટાઉનના એક કતલખાનામાંથી 'પિગકાસો'ને બચાવ્યો હતો દક્ષિણ આફ્રિકાના ફ્રેન્ચોક વેલીની ૫૦ વર્ષીય જોઆન લેફસન અને તેનો પિગકાસો આર્ટિસ્ટ પિગ ઘણો ફેમસ થઈ ગયો છે જ્યાં તેને કતલ કરવા લઈ જવામાં આવી રહી હતી. તેણી તેને તેની પાસે લાવ્યો અને તેને ખેતરમાં રાખ્યો અને તેને ઉછેરવા લાગ્યો. જ્યારે પિગકાસો નાનો હતો, ત્યારે તેની રખાત એકવાર આકસ્મિક રીતે તેના શેડમાં પેઈન્ટ બ્રશ ભૂલી ગઈ. તે બ્રશ ઉપાડીને, ડુક્કર રમવા લાગ્યો. માલિકે વિચાર્યું કે કદાચ તેને પેઈન્ટિંગનો શોખ છે. તેના આ શોખને પ્રોત્સાહન આપવા માટે, તેણે પ્રાણી માટે એક કેનવાસ ખરીદ્યો, જેના પર તેણે બ્રશ વડે પેઈન્ટિંગ કરવાનું શરૂ કર્યું. આ તસવીરો જોયા પછી તમને કંઈ સમજાશે નહીં, પરંતુ તે પ્રાણીઓ દ્વારા બનાવવામાં આવ્યા હોવાથી લોકોમાં તેની ખૂબ માંગ છે. ૭ વર્ષના પિગકાસોનું વજન ૬૮૦ કિલો છે અને તેણે ૪૦૦ થી વધુ પેઈન્ટિંગ્સ બનાવ્યા છે. લોકોને ડુક્કરની પેઈન્ટિંગ એટલી પસંદ છે કે તેઓ તેને ખૂબ સારી કિંમતે ખરીદે છે. પેઈન્ટિંગમાંથી મળેલા પૈસા ફાર્મમાં અન્ય પ્રાણીઓને ઉછેરવામાં ખર્ચવામાં આવે છે. તમને જાણીને નવાઈ લાગશે કે તેમની એક પેઈન્ટિંગ ૨૦ લાખ રૂપિયાથી વધુમાં વેચાઈ હતી. સોશિયલ મીડિયા પર પેઈન્ટિંગ શેર કર્યાના થોડા દિવસો બાદ તેનો ખરીદનાર પણ મળી ગયો. આ દુનિયાની સૌથી મોંઘી પેઈન્ટિંગ હતી જે કોઈ બિન-માનવી પ્રાણી દ્વારા બનાવવામાં આવી હતી. તેના તમામ પેઈન્ટિંગ્સની કુલ કિંમત ૧૦ કરોડ રૂપિયાથી વધુ છે.

# પૃથ્વી પર સૌથી લાંબુ આયુષ્ય ધરાવતા ૬ જીવો

## પૃથ્વી પર જન્મેલા દરેક જીવનું મૃત્યુ નિશ્ચિત છે, પરંતુ તમને જાણીને નવાઈ લાગશે કે કેટલાક જીવ એવા છે જે સદીઓથી જીવે છે



નવી દિલ્હી, તા.૨૯

દુનિયામાં ઘણા એવા જીવો છે, જેમની ઉંમર ઘણી લાંબી છે. આર્કટિક સમુદ્રમાં રહેતી બોહેડ વ્હેલ ૨૦૦ વર્ષથી વધુ જીવી શકે છે. અત્યાર સુધી સૌથી લાંબી જીવતી વ્હેલ ૨૧૧ વર્ષ જીવતી હતી. ધનુષ્યના સૌથી નજીકના સંબંધી, મિંક વ્હેલ, ૬૦ વર્ષ સુધી જીવી શકે છે. ગાલાપાગોસ જાયન્ટ કાચબો સરેરાશ ૨૦૦ થી ૨૫૦ વર્ષ જીવે છે. ૨૦૦૬માં અદ્વૈત નામના મેલ ટર્ટલનું ૨૨૫ વર્ષની વયે અવસાન થયું હતું. આજે ફક્ત ૧૫,૦૦૦ જંગલી જ બચ્યા છે.

ગાલાપાગોસ કાચબો સાત ગાલાપાગોસ ટાપુઓ પર રહે છે અને ઘણીવાર પ્રવાસીઓ તેમની મુલાકાત લે છે. જો કે, કેટલાકનો અંદાજ છે કે વિશાળ કાચબો ૪૦૦ થી ૫૦૦ વર્ષ સુધી જીવી શકે છે. કોઈ કાર્પ માછલી નાની પણ પાળેલી માછલી છે. તે સામાન્ય રીતે સુશોભન માટે વપરાય છે.

આ પ્રજાતિની અત્યાર સુધીની સૌથી જૂની માછલી જાપાનમાં મળી હતી, જેનું મૃત્યુ ૧૭૭૭માં થયું હતું. ત્યારે તેમની ઉંમર ૨૨૬ વર્ષ૭ની૭ હતી. આ માછલીની કિંમત સાંભળીને તમે ચોંકી જશો. થોડા વર્ષો પહેલા કોઈ કોર્પ ૧.૮ મિલિયન ડોલરમાં વેચાઈ હતી. એન્ટાર્કટિક સ્પોન્જે તેના લાંબા આયુષ્યને કારણે ગિનીસ બુકમાં તેનું નામ નોંધાવ્યું છે. તેઓ ૨૦૦ મીટરની ઊંડાઈએ ખૂબ જ ઠંડા પાણીમાં જોવા મળે છે, જ્યાં સૂર્યપ્રકાશ પણ પહોંચી શકતો નથી. તે ખૂબ જ ધીમે ધીમે વધે છે. એવું માનવામાં આવે છે કે તેમની ઉંમર ૫૦૦૦ વર્ષથી ૧૫૦૦૦ વર્ષ સુધીની હોઈ શકે છે. ગ્રીનલેન્ડ શાર્ક આર્ક્ટિક મહાસાગરમાં ઊંડા પાણીની નીચે જોવા મળે છે. તે શાર્કની એકમાત્ર પ્રજાતિ છે જે ૭ થી માઈનસ ૨૨ ડિગ્રી સુધીની આર્કટિક આબોહવાને સહન કરી શકે છે. આ ફુટ લાંબા પ્રાણીઓ ૧૫૦ થી ૨૦૦ વર્ષ સુધી જીવે છે. આમાંથી કોઈપણ શાર્કનું સૌથી લાંબુ આયુષ્ય ૩૯૨ વર્ષ હતું. **Turritopsis dohrnii** એ જેલીફિશ છે આર્કટિક સમુદ્રમાં રહેતી બોહેડ વ્હેલ ૨૦૦ વર્ષથી વધુ જીવી શકે છે અને પૃથ્વી પરનું અમર પ્રાણી માનવામાં આવે છે. તેના શરીરમાં મગજ અને હૃદય નથી. જીવવિજ્ઞાનીઓના મતે તે ક્યારેય વૃદ્ધ થતો નથી અને મરતો નથી. ચોક્કસ ઉંમર પછી, તે ફરીથી યુવાન થવાનું શરૂ કરે છે અને પછી તેની મૂળ સ્થિતિમાં આવે છે.

# બુદ્ધા હૈંડ ફળ સર્જરીના દુખાવા સહિત અનેક બીમારી મટાડી દેશે

## ઈંફેક્શન થવા દેતું નથી- બુદ્ધા હેન્ડ કેટલાય પ્રકારના ઈંફેક્શનને શરીરમાં થતાં રોકે છે, બુદ્ધા હેન્ડ ઈમ્યુનિટીને બૂસ્ટ કરે છે

નવી દિલ્હી, તા.૨૯

બુદ્ધા હૈંડ ફળનું નામ કેટલા લોકોએ સાંભળ્યું છે? આપણામાંથી અનેક લોકોએ આ ફળનું નામ સાંભળ્યું નહીં હોય. પણ આ ફળ ભારત અને ચીનના અમુક ભાગમાં જ મળે છે.



ભારતના નોર્થ ઈસ્ટમાં આ અનોખું ફળ જોવા મળે છે. આ ફળ ભગવાન બુદ્ધની ધ્યાન મુદ્રાવાળા હાથની માફક હોય છે. એટલા માટે તેને બુદ્ધા હૈંડ કહેવાય છે. બુદ્ધા હેન્ડને બુશુકાન પણ કહેવાય છે. ટીઓઆઈના રિપોર્ટ અનુસાર, બુદ્ધા હેન્ડ સાઈટ્રસ ફ્રુટ હોય છે એટલે કે વિટામિન-સીથી ભરપૂર હોય છે. તેનો રંગ લીંબૂની છાલ જેવો હોય છે. આ સુગંધી ફળ છે. આ ફળનો જામ અને મુરબ્બો બનાવવામાં આવે છે. બુદ્ધા હેન્ડથી પરફ્યૂમ પણ બનાવવામાં આવે છે. બુદ્ધા હેન્ડ કેટલીય બીમારીઓમાં રામબાણની માફક કામ કરે છે. પેન રિલીફ- ન્યૂઝ જણાવ્યા અનુસાર બુદ્ધા હેન્ડનો ઉપયોગ કેટલાય પ્રકારના દુખાવામાં થાય છે. નોર્થ ઈસ્ટમાં દુખાવામાં તેનો ઉપયોગ સદીઓથી થતો આવ્યો છે. બુદ્ધા હેન્ડમાં પેન રિલીવિંગ એજન્ટ કોમારિન, બર્ગાપ્ટેન, ડાયોસમિન અને લિમોનિન જોવા મળે છે. તે એન્ટી ઈંફલામેટરી ગુણથી ભરેલ હોય છે, જે દરેક પ્રકારના સોજા ઓછા કરે છે. પછી તે સ્કીનમાં ક્યાં કટ લાગ્યા, ઈજા થઈ હોય કે સર્જરી, દરેક પ્રકારના દુખાવામાં તેનો ઉપયોગ થાય છે. ઈંફેક્શન થવા દેતું નથી- બુદ્ધા હેન્ડ કેટલાય પ્રકારના ઈંફેક્શનને શરીરમાં થતાં રોકે છે. બુદ્ધા હેન્ડ ઈમ્યુનિટીને બૂસ્ટ કરે છે. બુદ્ધા હેન્ડમાં પોલીસૈકરાઈડ્સ હોય છે, જે હાનિકારક બેક્ટેરિયાને મારી દે છે અને ઈમ્યૂન સિસ્ટમને વધારે છે. ગેસ્ટ્રો સમસ્યામાંથી છુટકારો-બુદ્ધા હેન્ડ એન્ટી ઈંફલામેટરી હોય છે. તે આંતરડામાં સોજાને ખતમ કરે છે. એટલું જ નહીં બુદ્ધા હેન્ડ સ્ટોમેકની લાઈનિંગથી બચાવે છે. તે કોન્સ્ટિપેશન, બ્લોટિંગ, ડાયરિયા, ક્રેંપ અને પેટ દુખાવામાંથી રાહત અપાવે છે. બ્લડ પ્રેશર કંટ્રોલ- બુદ્ધા હેન્ડ વેસોડાયલેટરની માફક કામ કરે છે અને કોરોનરી બ્લડ વૈસલ્સને રિલેક્સ પહોંચાડે છે. તેની સાથે જ આ બ્લડ વૈસલ્સમાં જામેલી ગંદકીને પણ દૂર કરે છે. રિપોર્ટ અનુસાર, બુદ્ધા હેન્ડ બ્લડ સર્કુલેશનને ઝડપી કરીને સ્ટોક અને હાર્ટ અટેકથી બચાવે છે. શ્વાસ સંબંધિત તકલીફો દૂર કરે- સાઈટ્રસ ફ્રુટ હોવાના કારણે તે શ્વાસ સંબંધિત બીમારીઓની સારવારમાં રામબાણ સાબિત થાય છે. બુદ્ધા હેન્ડ કફને હરાવવામાં મદદ કરશે અને વાયુમાર્ગને સાફ કરીને વધારે ખાંસી, કફ અથવા શરદીને દૂર કરે છે. શ્વાસ સંબંધિત અન્ય સમસ્યાઓમાં તે ખૂબ જ કારગર સાબિત થાય છે. બુદ્ધા હેન્ડ ત્વરિત દુખાવામાંથી રાહત અપાવે છે.

અધિક માસનું કથામૃત
- કનકચંદ્ર સી. વ્યાસ



# વિપત્તિ જ સંપત્તિ છે !

ભગવાન શ્રી કૃષ્ણએ ઉત્તરાના ગર્ભ ઉપર અશ્વસ્થામાએ બ્રહ્માસ્ત્ર છોડેલ ત્યારે તારાના ગર્ભમાં રહેલા ''પરિક્ષિતનું રક્ષણ કરેલું એ કાર્ય પુરું થયું ત્યારે ભગવાન શ્રી કૃષ્ણએ ફરી દ્વારકા જવાની તૈયારી કરવા માંડી અને ''પછી પોતાના રથ ઉપર ચડ્યા અને સારથીએ રથ ચલાવ્યો. એ સમયે ખુદ કુન્તાજી ત્યાં આવ્યા અને રથની સાથે ''સાથે દોડવા લાગ્યા. ''આ દ્રશ્ય જોઈ ભગવાન શ્રી કૃષ્ણએ સારથીને રથ ઊભો રાખવા આજ્ઞા આપી તેથી સારથીએ રથ ''ઊભો રાખ્યો. આમ, જ્યારે રથ ઊભો રહ્યો ત્યારે કુન્તાજી પણ રથ પાસે આવી ઊભા રહ્યા. દોડવાને લીધે ''તેમનો શ્વાસ ફૂલાયેલો હતો તેથી શ્વાસ લેતા લેતા થોડી વારે બે હાથ જોડી અને તેમને ભગાવાન શ્રી કૃષ્ણને ''પ્રણામ કર્યા. ''ત્યારે ભગવાન શ્રી કૃષ્ણએ રથ ઉપરથી નીચે ઉતરી અને પોતાના ફઈ કુન્તાજીનો હાથ પકડી લીધો ''અને પગે ન લાગવા વિનંતી કરી. ફઈબા આ તમે શું કરી રહ્યાં છો ? હું તો તમારાથી નાનો છું અને વળી ''સંબંધમાં પણ હું તમારો ભત્રીજો થાઉ ને ? જો તમે આમ પગે લાગો તો જગતની દ્રષ્ટિએ પણ શોભાસ્પદ ન ''લાગે. માટે તમે મહેરબાની કરી અને મને પગે ન લાગો. ''ત્યારે રડતા રડતા કુન્તાજી બોલી ઊઠ્યા, આજ સુધી મેં તમને મારા ભત્રીજા જ સમજેલા અને તમારી ''સાથે એ મુજબનો જ વ્યવહાર કરેલો પરંતુ હે પ્રભુ, જ્યારે આ મહાભારતનું યુધ્ધ થયું ત્યારે જ મને તમારા ''સાચા સ્વરૂપનું જ્ઞાન થયું. હે નાથ, તમે તો કોઈના મિત્ર નથી કે પુત્ર નથી, તમે કોઈના પિતા, ભાઈ કે પતિ ''નથી તમે તો સાક્ષાત પરબ્રહ્મ પરમાત્મા છો માટે જ તો મેં તમને પ્રણામ કર્યા અને એમાં મેં કાંઈ પણ ખોટું નથી ''જ કર્યું. ઉલ્ટું મારાથી ક્યાંય તમારા પ્રત્યે અજાણતા કંઈ ભૂલચૂક થઈ હોય તો ઉદાર મન રાખી મને ક્ષમા ''આપજો. ''ત્યારે ભગવાન શ્રી કૃષ્ણ ખૂબ જ ગંભીર બની ગયા અને પછી કુન્તાજીને પૂછ્યું, એ બધું તો ઠીક પરંતુ ''ફઈબા તમે આમ સાવ અચાનક મારા રથની પાછળ પાછળ શા માટે દોડવા લાગેલા ? તમને મારાથી કોઈ ''અપેક્ષા છે ? શું તમને કોઈ સમસ્યા છે ? ''કુન્તાજી ભગવાન શ્રી કૃષ્ણને સંબોધીને કહે છે, હે જગતનાથ, મારે તમારી પાસે કંઈક માંગવું છે, તમે ''જો આપતા હોવ તો તમને કહું ? ''શ્રી કૃષ્ણ કહે છે, ફઈબા, તમે આ શું કહો છો. માંગવાનું નહીં તમારે તો આજ્ઞા કરવાની હોય. હું ''અવશ્ય તમારી આજ્ઞાનું પાલન કરીશ બસ. ''કુન્તાજી કહે છે કે, પ્રભુ, મારે બીજું કશું જ નથી જોઈતું તમે મને એક વચન આપો. પછી ભલે તમે ''તમારી દ્વારકા નગરીમાં જાવ. ''જરૂર કહો, તમે કહો તે આપવા તૈયાર છું. ભગવાન શ્રી કૃષ્ણએ કહ્યું. ''હે નાથ, મને કાયમને માટે વિપત્તિ આપો. મને સતત વિપત્તિ મળતી રહે એજ મારી ઈચ્છા છે કુન્તીજી ''એકી શ્વાસે બોલતા ગયા. ''ભગવાન શ્રી કૃષ્ણ કુન્તાજીના શબ્દો સાંભળી અને મુંઝવણમાં પડી ગયા. કહેવા લાગ્યા, તમે આ તો ''વળી શું માંગ્યું, હેં ફઈબા... ? માંગવું જ હતું તો સંપત્તિ માંગવી હતી, શાંતિ માંગવી હતી. તમને તો કેટકેટલી ''વિપત્તિ વળગેલી તેમાંથી તો માંડ મૂક્ત થયા છો હવે તમારે વિપત્તિને શું કરવું છે ? ''પ્રભુ ખરું કહ્યું... ? અમારા ઉપર જ્યારે જ્યારે વિપત્તિ આવી ત્યારે ત્યારે અમે અંતઃકરણ પૂર્વક તમને ''યાદ કર્યા હતા અને ત્યારે ત્યારે તમારા સતત દર્શન થતાં રહ્યાં અને તમારી કૃપા થતી રહી તમારું સતત ''સાનિધ્ય અમને પ્રાપ્ત થયું. માટે અમારા માટે તો વિપત્તિ જ સાચી સંપત્તિ સાબિત થઈ છે. માટે જ હું વિપત્તિ માંગુ છું કે, જેથી કરીને કાયમ માટે તમારું સાનિધ્ય રહ્યાં જ કરે કુન્તાજીએ કહ્યું. ''આ સાંભળી અને ભગવાન શ્રી કૃષ્ણજીએ કુન્તાજીને સાંત્વન આપ્યું અને કહ્યું કે, મારી તમારા ઉપર ''કાયમ કૃપા રહેશે બસ. ''આમ, કુન્તુજીએ જગતને બતાવ્યું છે કે, ગમે તેવી આપત્તિ આવે પરંતુ તેનાથી જરાય વિચલીત ન થતા ''પ્રભુ ભક્તિ પ્રત્યે જીવન વાળવું અને તેમની કૃપાપ્રાપ્તિ માટે જ વિપત્તિ આવે છે.

''આજનું ભજન''

તમે ભાવે ભજી લ્યો ભગવાન જીવન થોડું રહ્યું.
''કંઈક આત્માનું કરજો કલ્યાણ જીવન થોડું રહ્યું.
''અને દીધેલો કોલ તમે ભૂલી ગયા...૨
''જૂઠી માયાને મોહમાં ઘેલા થયા...૨
''ચેતો ચેતો શું ભૂલ્યા છો ભાન જીવન થોડું રહ્યું.
''તમે...''બાળપણને યુવાનીમાં અડધું ગયું....૨
''નહીં ભક્તિના મારગમાં ડગલું ભર્યું....૨
''હવે બાકી છે તેમાં દ્યો ધ્યાન જીવન થોડું રહ્યું.
''તમે...''પછી ઘડપણમાં ગોવિંદ ભજાશે નહીં....૨
''લોભ વૈભવને ધનના ધજાશે નહીં....૨
''બનો આજથી પ્રભુના મસ્તાન જીવન થોડું રહ્યું.
''તમે...''જરા ચેતીને ભક્તિનું ભાથું ભરો....૨
''કંઈક ડર તો પ્રભુજીનો દિલમાં ધરો....૨
''છીએ થોડા દિવસના મહેમાન જીવન થોડું રહ્યું...
''તમે...''બધા આળસમાં દિન આમ વીતી જશે...૨
''નહીં ચાલે તમારું તોફાન જીવન થોડું રહ્યું.
''તમે...''એજ કહેવું આ બાળકનું ઉરમાં ધરો....૨
''ચીત રાખી રણછોડને ભાવે ભજો.....૨
''ઝાલો ઝાલો ભક્તિનું સુકાન જીવન થોડું રહ્યું. ''તમે....''-

શ્રીમતિ રમણતારા કે. વ્યાસ

# ભારત-પાકિસ્તાન વચ્ચેની ૧૫ ઓક્ટોબરની મેચમાં નવરાત્રીના કારણે ફેરફાર થવાની સંભાવના

નવી દિલ્હી, તા.૨૯

ભારત અને પાકિસ્તાન વચ્ચે અમદાવાદમાં વન-ડે વિશ્વ કપનો હાઈવોલ્ટેજ મુકાબલાની તારીખમાં ફેરફાર થઈ શકે છે. સુરક્ષા એજન્સીઓએ બીસીસીઆઈને નવરાત્રી ઉત્સવમાં તારીખ બદલવા માટે સૂચન કર્યું છે. એક સૂત્રએ કહ્યું કે એજન્સીઓએ અમને આ વિશે જણાવ્યું કે મેચ એક દિવસ પહેલા રમાડવામાં આવે કારણ કે આના માટે મોટી સંખ્યામાં સુરક્ષા દળો તૈનાત કરવા પડશે. સૂત્રએ કહ્યું કે અમે ચર્ચા કરીશું. જલ્દી નિર્ણય લેવાશે. આઈસીસીએ આ મેચનો નવરાત્રીના પ્રથમ દિવસો નિર્ધારિત કરી હતી. આ દિવસે સમગ્ર ગુજરાતમાં નવરાત્રીની ઉજવણી થશે. સુરક્ષા કારણોસર બીસીસીઆઈને મેચના શિડ્યુલને લઈ પુર્નઃવિચાર કરવાની સલાહ આપવામાં આવી છે. જો મેચની તારીખ બદલાશે તો તમામ પ્રશંસકોને ઝટકો લાગશે. જેમણે પહેલા જ પ્રવાસની યોજના બનાવી દીધી છે. અનેક લોકોએ ક્રિકેટ મેચની અને હોટલ પહેલા જ બુક કરાવી લીધી છે. મીડિયા રિપોર્ટમાં આ વાત સામે આવી છે કે હવે ભારત-પાકિસ્તાન મેચ ૧૪ ઓક્ટોબરે રમાઈ શકે છે. સૂત્રએ કહ્યું કે આ આસાન કામ નથી. કોઈપણ મેચ પાછળ ઘણી બધી વસ્તુઓ સામેલ હોય છે. એટલા માટે દરેક વસ્તુનું ધ્યાન રાખવું પડશે. આ અંગે અંતિમ ચર્ચા કર્યા બાદ જ પ્રતિક્રિયા આપી શકાશે. જો જરૂર પડશે તો સુરક્ષાનો ધ્યાનમાં રાખી તારીખ બદલવાની સ્થિતિ આવતા ઉપર આવું કરવામાં આવશે. આ દરમ્યાન બીસીસીઆઈએ વિશ્વકપ મેચોની યજમાની કરી રહેલા બધા રાજ્ય બોર્ડની બેઠક દિલ્હીમાં મળી હતી. એમાં ભારત અને પાકિસ્તાન મેચની તારીખમાં ફેરફાર વિશે પણ વાત કરવામાં આવી હતી. ભારત પહેલીવાર ક્રિકેટ ઈતિહાસમાં પૂરા વર્લ્ડકપની યજમાની કરી રહ્યું છે. વર્લ્ડ કપનું આયોજન પાંચ ઓક્ટોબરથી ૧૯ નવેમ્બર દરમ્યાન થશે. ભારતીય ટીમ પોતાનો પ્રથમ મુકાબલો આઠ ઓક્ટોબરે ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ ચેન્નાઈમાં રમશે જયારે પાકિસ્તાનની ટીમ પોતાની પ્રથમ મેચ ૬ ઓક્ટોબરે હેદરાબાદમાં ક્વોલિફાયર ૧ સામે રમશે. ટુર્નામેન્ટની શરૂઆત અમદાવાદમાં પાંચ ઓક્ટોબરે ગત વિજેતા ઈંગ્લેન્ડ અને રનર્સઅપ ન્યુઝીલેન્ડ વચ્ચેની મેચ સાથે થશે. ફાઈનલ મેચ અમદાવાદમાં ૧૯ નવેમ્બરે રમાશે. વન-ડે વર્લ્ડ કપમાં ૧૦ ટીમો ભાગ લેશે.

# મધ્યપ્રદેશમાં ચૂંટણી પહેલા કોંગ્રેસે વિવાદાસ્પદ ‘ચમત્કાર સર્જક’ ધીરેન્દ્ર શાસ્ત્રીના કથા પ્રવચનનું આયોજન કર્યું



ભોપાલ, તા.૨૯

મધ્યપ્રદેશની ચૂંટણીમાં કોંગ્રેસ વિવાદાસ્પદ ‘ચમત્કાર સર્જક’ ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી ગર્ગની લોકપ્રિયતાનો લાભ ઉઠાવવા માંગે છે. ભૂતપૂર્વ મુખ્યપ્રધાન કમલનાથની આગેવાની હેઠળ રાજ્ય કોંગ્રેસ એકમ, કમલનાથના ગૃહ જિલ્લા છિંદવાડામાં ૫-૭ ઓગસ્ટ સુધી શાસ્ત્રીની ત્રણ દિવસીય કથા પ્રવચન કાર્યક્રમનું આયોજન કરી રહ્યું છે. શાસ્ત્રી તેમની લગભગ ૫૦૦ લોકોની ટીમ સાથે ૪ ઓગસ્ટે છિંદવાડા પહોંચે તેવી શકયતા છે. કોંગ્રેસના સૂત્રોએ જણાવ્યું હતું કે, કથાવચન સાંજે ૪થી ૭ વાગ્યાની વચ્ચે યોજાનાર છે અને તેમાં કમલનાથ અને તેમના પુત્ર નકુલનાથ, છિંદવાડાના સીમરિયા ગામમાં ઊભા કરવામાં આવેલા ‘વિશાળ પંડાલ’માં શાસ્ત્રી સાથે હાજર રહેશે. કોંગ્રેસ કહે છે કે, આ કાર્યક્રમ માત્ર એક ધાર્મિક કાર્યક્રમ છે. શાસ્ત્રી તેમના ભક્તોના મન વાંચવા, કેન્સર જેવી બીમારીઓનો ઈલાજ કરવા અને વળગાડ મુક્ત કરવા જેવી ચમત્કારિક શક્તિઓ ધરાવતા હોવાના તેમના દાવાઓ સાથે લોકો વચ્ચે લોકપ્રિય છે. છતરપુર જિલ્લાના બાગેશ્વર ધામના મુખ્ય પૂજારી, શાસ્ત્રીએ હિન્દુ દેવતા રામ સાથે જોડાણ હોવાનો દાવો કર્યો છે અને ઘણી વખત ‘હિંદુ રાષ્ટ્ર’ની માગણીઓ ઉઠાવી છે અને તેમના આશ્રમમાં ‘ઘર વાપસી (હિંદુ ધર્મમાં રૂપાંતર)’ અભિયાનો યોજ્યા હતા, તે મહિલાઓ વિશે વિવાદાસ્પદ ટિપ્પણી કરવા માટે પણ જાણીતા છે. ૨૦૨૦માં લોકડાઉન દરમ્યાન તેમના પ્રવચન સત્રો ટીવી ઉપર પ્રસારિત થયા પછી તેમની લોકપ્રિયતા વધી હતી. મધ્યપ્રદેશમાં ભાજપ અને કોંગ્રેસ બંને દ્વારા તેમને સમર્થન કરવામાં આવી રહ્યું છે. ભાજપના નેતા કપિલ મિશ્રાએ જાન્યુઆરીમાં તેમના સમર્થનમાં પ્રદર્શન કર્યું હતું અને રાજ્યના ગૃહપ્રધાન નરોત્તમ મિશ્રાએ તેમને ‘બબ્બર શેર’ તરીકે ઓળખાવ્યા હતા. કોંગ્રેસના વડા કમલનાથે પણ આ ફેબ્રુઆરીમાં શાસ્ત્રીની તેમના આશ્રમમાં મુલાકાત લીધી હતી અને બે કલાક રોકાયા હતા અને એવું જાણવા મળે છે કે, આગામી વિધાનસભા ચૂંટણીમાં પક્ષની જીત માટે પ્રાર્થના કરી હતી. શાસ્ત્રી પોતાને હનુમાનના ભક્ત તરીકે ઓળખાવે છે. કોંગ્રેસના એક નેતાએ નામ ન આપવાની વિનંતી કરતાં જણાવ્યું હતું કે, ફેબ્રુઆરીની મુલાકાત દરમ્યાન કમલનાથે કદાચ શાસ્ત્રીને કથાવચન માટે આમંત્રણ આપ્યું હશે. કમલનાથ પોતાને એક શ્રદ્ધાળુ હિંદુ માને છે કહ્યું છે કે, હિંદુત્વ એ ભાજપનો એકાધિકાર નથી. કોંગ્રેસના મધ્યપ્રદેશના મીડિયા પ્રભારી કે.કે. મિશ્રાએ કહ્યું કે, કથાવચન એક ધાર્મિક પ્રસંગ છે જેને ચૂંટણીના સંદર્ભમાં જોવો જોઈએ નહીં. કોંગ્રેસે ભૂતકાળમાં આવા અનેક ધાર્મિક કાર્યક્રમો યોજ્યા હોવાનું તેમણે કહ્યું હતું. છિંદવાડા ચાર દાયકાથી વધુ સમયથી કમલનાથનો રાજગઢ રહ્યો છે. ૨૦૧૮ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસે જિલ્લાની તમામ આઠ બેઠકો તેમજ ૨૦૨૨ની શહેરી ચૂંટણીમાં મેયરની બેઠક ઉપર કબજો જમાવ્યો હતો. ૨૦૧૯માં જ્યારે ભાજપે એમપીની ૨૯ સંસદીય બેઠકોમાંથી ૨૮ ઉપર કબજો કર્યો, ત્યારે છિંદવાડા એકમાત્ર બેઠક હતી જે કોંગ્રેસના પક્ષમાં ગઈ હતી. કોંગ્રેસના સૂત્રોએ જણાવ્યું હતું કે, લગભગ ૩ લાખ લોકો આ કાર્યક્રમમાં હાજરી આપે તેવી અપેક્ષા છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓના ધાર્મિક જ્ઞાનની કસોટી સ્પર્ધા યોજવામાં આવી રહી છે અને દરેક બ્લોકમાંથી ૧૦ વિદ્યાર્થીઓને કથાવચન દરમ્યાન ઈનામ આપવામાં આવશે. કોંગ્રેસ કાર્યકર ગુંજન શુક્લા અને તેમના હેઠળ કામ કરતી એક ટીમે છિંદવાડામાં ૫.૫ લાખ પરિવારોમાંના દરેકને ચોખા અને પેમ્ફલેટનું વિતરણ કરવાનું શરૂ કર્યું છે અને તેમને કાર્યક્રમ માટે આમંત્રણ આપ્યું છે. કોંગ્રેસના ધર્મ ઈવમ ઉત્સવ પ્રકોષના જિલ્લા પ્રભારી અને મારૂતિનંદન સેવા સમિતિના સંયોજક આનંદ બક્ષી, આ ધાર્મિક કાર્યક્રમનું નેતૃત્વ કરી રહ્યા છે. બક્ષીએ કહ્યું કે, આ કોઈ રાજકીય ઈવેન્ટ નથી, તે મારૂતિનંદન સેવા સમિતિ દ્વારા છિંદવાડાના લોકો માટે આયોજિત ધાર્મિક કાર્યક્રમ છે. દરેક ધાર્મિક વ્યક્તિ ગમે તે હોય તેનું સ્વાગત છે. જો કોઈ ભાજપ કાર્યકર્તા આવશે તો અમે આ ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લેવા માટે ખુલ્લા મને તેમનું સ્વાગત કરીશું. કોંગ્રેસ દ્વારા છિંદવાડામાં આયોજિત આ પ્રકારનો આ પહેલો ધાર્મિક કાર્યક્રમ નથી. કોંગ્રેસે એપ્રિલ ૨૦૧૮માં મુરારી બાપુ દ્વારા કથાવચનનો કાર્યક્રમ, ૨૦૧૭માં અનૂપ જલોટાનો ભજન કાર્યક્રમ અને તાજેતરમાં ૨૦૨૨માં જાણીતા ભજન ગાયિકા રિચા શર્માનો ભજન કાર્યક્રમ આયોજિત કર્યો હતો. આ રાજકીય કાર્યક્રમો નથી પરંતુ તે ધાર્મિક કાર્યક્રમો છે. ૨૦૧૮ની વિધાનસભાની ચૂંટણી પહેલા પણ કોંગ્રેસે દરેક પંચાયતમાં ગૌશાળાઓ અને નર્મદા પરિક્રમા માર્ગ અને રામ વન ગમન પથના વિકાસનું વચન આપતા સોફ્ટ હિન્દુત્વનો અભિગમ અપનાવ્યો હતો. ગયા મહિને બહાર પાડવામાં આવેલા સી-વોટર એબીપી ન્યૂઝના ઓપિનિયન પોલમાં રાજ્યના ૨૩૦ મતવિસ્તારોમાંથી ૪૪ ટકા ઉત્તરદાતાઓએ કહ્યું કે, તેઓ કમલનાથના હિંદુત્વ ઉપર વિશ્વાસ કરે છે, જ્યારે ૪૧ ટકાએ શિવરાજ ચૌહાણને મત આપ્યો છે. આ કથાવચનનો હેતુ માત્ર છિંદવાડામાં જ નહીં, પરંતુ બેતુલ, સિવની, દેવાસ અને હરદમના નજીકના જિલ્લાઓમાં પણ હિંદુ મતદારોને આકર્ષવાનો છે. પરંતુ આ ચોક્કસપણે માત્ર છિંદવાડામાં જ નહીં પરંતુ સમગ્ર મધ્યપ્રદેશમાં મજબૂત રાજકીય સંદેશ મોકલશે. રાજકીય વિશ્લેષક અરૂણ દીક્ષિતે જણાવ્યું હતું કે, શાસ્ત્રીને પ્રમોટ કરવાનું કોંગ્રેસનું પગલું બૂમરેંગ થઈ શકે છે. ધીરેન્દ્ર શાસ્ત્રી ભાજપ તરફી મુદ્દાઓ ઉઠાવી રહ્યા છે પછી ભલે તે હિન્દુ રાષ્ટ્રની હાકલ હોય કે ઘર વાપસી. શાસ્ત્રી કોઈ આદરણીય સંત નથી પરંતુ એક માણસ છે અને શાસ્ત્રીને પ્રમોટ કરીને કોંગ્રેસને વધુ નુકસાન થશે.

# સામાન્ય પ્રવાહમાં શાળા ફેરબદલી વખતે વિષય બદલવાની છૂટ મળશે

**● ધો.૧૧માં જે વિષય રાખ્યા હોય તે ધો.૧૨મા પ્રવેશ લીધો હોય તે સ્કૂલમાં ન હોય ત્યારે વિષય બદલી શકાશે ● ગ્રુપ-૩મા એક વિષય અને ગ્રુપ-૪મા એક વિષય બદલવાની જ મંજૂરી અપાશે**

અમદાવાદ, તા.૨૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શાળા ફેરબદલી વખતે વિદ્યાર્થીઓને વિષય બદલવા અંગેનો નિર્ણય કર્યો છે, જેમાં ધો.૧૧ સામાન્ય પ્રવાહ પાસ થયેલો વિદ્યાર્થી ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં અન્ય સ્કૂલમાં પ્રવેશ મેળવે ત્યારે તે સ્કૂલમાં અન્ય વિષયો ભણાવવામાં આવતા હોય તો વિદ્યાર્થી ગ્રુપ-૩ અને ગ્રુપ-૪ બંનેમાં એક-એક વિષય બદલી શકશે. જો કે, વિષય બદલવા માટે બોર્ડ દ્વારા શરતો નક્કી કરવામાં આવી છે, તેનું પાલન કરવામાં આવ્યા બાદ જ વિષયમાં ફેરફાર કરવાની છૂટ અપાશે. આ કાર્યવાહી વર્ષ દરમ્યાન મોડામાં મોડી ૩૧ ઓગસ્ટ સુધી પૂર્ણ કરવાની રહેશે. પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ બોર્ડને મળેલી રજૂઆત અન્વયે તાજેતરમાં મળેલી શૈક્ષણિક સમિતિમાં કરવામાં આવેલા નિર્ણય અનુસાર શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી રાજયની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધો.૧૧ સામાન્ય પ્રવાહમાં ઉત્તિર્ણ થયા બાદ કોઈ કારણોસર વિદ્યાર્થી ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં અન્ય શાળામાં પ્રવેશ મેળવે અને એ શાળામાં ચાલતા વિષયો વિદ્યાર્થીએ ધો.૧૧ સામાન્ય પ્રવાહમાં રાખેલા વિષયો કરતા અલગ હોય તો વિદ્યાર્થી ધો.૧૨ સામાન્ય પ્રવાહના બોર્ડના વિષય માળખાના ગ્રુપ-૩મા એક વિષય અને ગ્રુપ-૪મા એક વિષય ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં શરતોને આધિન બદલી શકશે. આ નિર્ણયનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪થી કરવાનો રહેશે તેમ પણ નક્કી કરાયું છે. ધો.૧૧ સામાન્ય પ્રવાહમાં પાસ થયા બાદ વિદ્યાર્થી ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં જે શાળામાં પ્રવેશ મેળવે તે શાળામાં આ વિદ્યાર્થીએ ધો.૧૧ સામાન્ય પ્રવાહમાં રાખેલા વિષય કરતા અન્ય વિષય ચાલતા હોય તો તે શાળામાં જે તે વિષયના શિક્ષક હોવા જોઈએ અથવા તે શાળામાં તે વિષય ભણાવવાની વ્યવસ્થા હોવી જોઈએ. વિદ્યાર્થી ધો.૧૧ સામાન્ય પ્રવાહમાં પસંદ કરેલા ગ્રુપ-૩ના વિષયો પૈકી માત્ર એક જ વિષય ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં બદલી શકશે. ધો.૧૧મા પસંદ કરેલા ગ્રુપ-૪ના વિષયો પૈકી માત્ર એક જ વિષય ધો.૧૨મા બદલી શકાશે. વિદ્યાર્થીઓ વાલીઓ આ વિષયની તૈયારી પોતાની જાતે કરશે તેવી બાંહેધરી આપવાની રહેશે. શાળાએ આ બાબતની દરખાસ્ત જિલ્લા શિક્ષણાધિકારીને મોકલીને તેમની મંજૂરી મેળવવાની રહેશે. શાળા ફેરબદલીના કારણે ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં વિષય બદલવા અંગેની તમામ કાર્યવાહી મોડામાં મોડી ૩૧ ઓગસ્ટ સુધીમાં દરવર્ષે પૂર્ણ કરવાની રહેશે. ધો.૧૧ સામાન્ય પ્રવાહમાં ઉત્તિર્ણ કર્યા બાદ કોઈ કારણોસર અન્ય શાળામાં ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં પ્રવેશ મેળવે તેવા કિસ્સામાં બોર્ડની વિગતોને ધ્યાને લઈને વિષય બદલવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

# ચાઈલ્ડ હેલ્પલાઈનને પાછલા પાંચ વર્ષમાં ૩૧ કરોડથી વધુ ફોન આવ્યા : સરકાર

નવી દિલ્હી તા.૨૯

સરકારે તાજેતરમાં જણાવ્યું કે પાછલા પાંચ વર્ષમાં ચાઈલ્ડ હેલ્પલાઈન ઉપર ૩૧ કરોડથી વધુ ફોન આવ્યા છે. કેન્દ્રીય મહિલા તેમજ બાળ વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાનીએ જણાવ્યું કે, બાળ હેલ્પલાઈનને કેન્દ્રીય ગૃહ મંત્રાલયની ઈમરજન્સી પ્રતિક્રિયા સહાયતા સિસ્ટમ ૧૧૨ની સાથે એકિકૃત કરવાની જોગવાઈ છે અને પરિવર્તન તબક્કાવાર રીતે કરવામાં આવી રહ્યું છે. રાજયસભામાં એક લેખિત જવાબમાં ઈરાનીએ જણાવ્યું કે, પ્રથમ તબક્કામાં ૯ રાજયો- આંધ્રપ્રદેશ, અરૂણાચલપ્રદેશ, બિહાર, દાદરા-નગર હવેલી, દમણ-દીવ, ગોવા, ગુજરાત, લદ્દાખ, પુડ્ડુચેરી અને મિઝોરમમાં ઈઆરએસએસ-૧૧૨ની સાથે ચાઈલ્ડ હેલ્પલાઈનનું એકિકરણ પૂરૂં થઈ ચૂક્યું છે. મંત્રીએ જણાવ્યું કે, ગૃહ મંત્રાલય પાસેથી મળેલા રિપોર્ટ મુજબ ઈઆરએસએસ-૧૧૨ના ચાલુ થયા પછીથી ૨૬.૦૫ કરોડથી વધુ કોલ્સને રિસીવ કરવામાં આવ્યા છે. જો કે, રાજયવાર કોલ્સ વિવરણ કેન્દ્રીય રીતે જાળવી રાખવામાં આવતું નથી. ઈરાની દ્વારા શેર કરવામાં આવેલ આંકડાઓ મુજબ ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈન પર કુલ ૩૧ કરોડ ફોન આવ્યા. સંખ્યાઓનું વર્ષવાર વિવરણ આપતા ઈરાનીએ જણાવ્યું કે, ૨૦૨૨-૨૩માં ૫૦,૬૯,૧૨૬, વર્ષ ૨૦૨૧-૨૨માં ૫૪,૮૪,૨૦૩, ૨૦૨૦-૨૦૨૧માં ૫૦,૦૮,૩૦૦, ૭૨,૯૪,૬૮૮ કોલ્સ મળ્યા છે. ૨૦૧૯-૨૦ અને ૨૦૧૮-૧૯માં ૯૦,૧૨,૩૬૨. કોલ્સ આવ્યા હતા.

# મુકેશ અંબાણી, અદાણી, મસ્ક, ગેટ્સ, બ્રિટિશ રોયલ્સ કરતાં ઘણો સમૃદ્ધ વિશ્વનો સૌથી ધનિક પરિવાર ભારતીય નથી

**બ્રિટિશ શાહી પરિવાર વિશ્વના સૌથી શાહી પરિવાર તરીકે ઓળખાય છે કારણ કે તેણે એક સમયે ઘણા દેશો ઉપર શાસન કર્યું હતું, પરંતુ બ્રિટિશ શાહી પરિવાર પણ હવે વિશ્વનો સૌથી ધનિક પરિવાર નથી**

નવી દિલ્હી, તા.૨૯

લોકશાહીના વિચારના ઉદ્‌ભવ પહેલા રાજાઓ વિશ્વભરના દેશો ઉપર શાસન કરતા હતા અને જો કે, હવે મોટાભાગના દેશોમાં રાજાઓ અને રાણીઓના દિવસો પૂરા થઈ ગયા છે ત્યારે શાહી પરિવારનો ખ્યાલ હજુ પણ કેટલાક દેશોમાં છે. બ્રિટિશ શાહી પરિવાર વિશ્વના સૌથી શાહી પરિવાર તરીકે ઓળખાય છે કારણ કે, તેણે એક સમયે ઘણા દેશો ઉપર શાસન કર્યું હતું પરંતુ બ્રિટિશ શાહી પરિવાર વિશ્વનો સૌથી ધનિક પરિવાર નથી. સઉદી અરેબિયાનો શાહી પરિવાર વિશ્વનો સૌથી ધનિક શાહી પરિવાર છે. સઉદી શાહી પરિવાર પાસે સોના, ચાંદી અને હીરાનો ખજાનો છે. ભવ્ય મહેલમાં કરોડોની કિંમતની લક્ઝરી કારનો કાફલો, અબજોની કિંમતના ક્રૂઝ અને ખાનગી જેટનો સમાવેશ થાય છે. સઉદી અરેબિયામાં ૧૯૩૨થી સાઉદ વંશનું શાસન છે. સઉદીનો રાજવી પરિવાર ૧.૪ ટ્રિલિયન યુએસડીની અંદાજિત નેટવર્થ સાથે વિશ્વનો સૌથી ધનિક અને સૌથી શક્તિશાળી પરિવારોમાંનો એક છે. સઉદી શાહી પરિવાર બ્રિટિશ શાહી પરિવાર કરતા ૧૬ ગણો વધુ સમૃદ્ધ છે. હાલમાં આ પરિવારના વડા એટલે કે રાજા સલમાન બિન અબ્દુલ અઝીઝ અલ સઉદ છે. આ શાહી પરિવારમાં લગભગ ૧૫,૦૦૦ લોકો છે અલ વાલીદ બિન તલાલ હાલમાં આશરે USD 20 બિલિયનની અંદાજિત નેટવર્થ સાથે અલ સાઉદ પરિવારના સૌથી ધનિક સભ્ય છે. સઉદી અરેબિયાના કિંગ સલમાન બિન અબ્દુલાઝીઝ અલ સઉદ અને ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન પણ અમીર છે પરંતુ તેમની સંપત્તિનો ખુલાસો કરવામાં આવ્યો નથી. સઉદી અરેબિયાના રાજા અલ યમામા પેલેસમાં રહે છે. આ તેમનું સત્તાવાર નિવાસસ્થાન છે. આ શાહી પરિવાર વિશ્વભરમાં ઘણી વૈભવી હવેલીઓ ધરાવે છે. અલ યમામા પેલેસ ૧૯૮૩માં રિયાધમાં બનાવવામાં આવ્યો હતો, તે ૪ મિલિયન ચોરસ ફૂટમાં ફેલાયેલો છે અને સ્થાનિક નજદી શૈલીમાં બનાવવામાં આવ્યો છે. આ મહેલમાં હજારો રૂમ છે અને આ મહેલમાં મૂવી થિયેટર, કેટલાય સ્વિમિંગપુલ અને એક મસ્જિદ પણ છે. સઉદી શાહી પરિવાર પાસે ઘણા લક્ઝરી ક્રુઝશિપ છે. પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન પાસે ૪૦૦ મિલિયન ડૉલરની યાટ છે. આ લક્ઝુરિયસ ક્રૂઝમાં ૨ હેલિપેડ અને સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ સહિત અનેક સુવિધાઓ છે.

# ‘નિષ્ક્રિયતાની કિંમત ચૂકવવી પડશે’ : વિશ્વનું તાપમાન ૨.૫ ડિગ્રી સુધી વધી રહ્યું છે, વધુ આત્યંતિક હવામાન અંગે નિષ્ણાતો ચેતવણી આપી રહ્યા છે

**બ્રિટિશ આબોહવા વૈજ્ઞાનિક કહે છે કે સરકારો આબોહવા લક્ષ્યોને પહોંચી વળવાની નજીક પણ પહોંચી નથી અને આ વિશ્વને વિનાશક આફતો તરફ દોરી શકે છે**



(એજન્સી) તા.૨૯

સમગ્ર વિશ્વમાં, પૂર્વમાં ચીનથી લઈને પશ્ચિમમાં યુ.એસ. સુધી, વિશ્વમાં ગરમીના તરંગો અને આપત્તિજનક આત્યંતિક હવામાન ઘટનાઓ જોવા મળી રહી છે. આ આફતોના મૂળમાં અનેક કારણો છે. વૈશ્વિક તાપમાનની વધતી જતી અસર જે હાલમાં પૂર્વ-ઔદ્યોગિક સ્તરો કરતાં લગભગ ૧.૨ ડિગ્રી સેલ્સિયસ (૨.૨ ડિગ્રી ફેરનહીટ) વધુ છે. મે મહિનામાં, યુએન એજન્સી વર્લ્ડ મીટીરોલોજીકલ ઓર્ગેનાઈઝેશને સખત ચેતવણી જારી કરી હતી કે: પૃથ્વી ગ્રહનું તાપમાન આગામી પાંચ વર્ષમાં પ્રથમ વખત 1.5C (2.7F)ના મુખ્ય થ્રેશોલ્ડને વટાવી જશે. અગ્રણી બ્રિટીશ આબોહવા વૈજ્ઞાનિક હવે માને છે કે સરકારોની “નિષ્ક્રિયતા” અને નિર્ણાયક આબોહવા વચનોને પૂર્ણ કરવામાં નિષ્ફળતાને લીધે વિશ્વને લગભગ 2.5C (4.5F) સુધી ગરમીનો સામનો કરવો પડી રહ્યો છે.

યુકેના ટિંડલ સેન્ટર ફોર ક્લાઈમેટ રિસર્ચના એમેરિટસ પ્રોફેસર રોબર્ટ વોટસનના જણાવ્યા મુજબ દેશો વાતાવરણમાં ગ્રીનહાઉસ વાયુઓનું ઉત્સર્જન કરવાનું ચાલુ રાખતા હોવાથી વિશ્વનું તાપમાન સતત વધતું જશે. તે વધુ આત્યંતિક હવામાન ઘટનાઓ તરફ દોરી જશે, જેમાં ગરમીના મોજા, પૂર, દુષ્કાળ, જંગલમાં આગ વગેરે. જે આપણે આજે સમગ્ર યુરોપ, ઉત્તર અમેરિકા અને વિશ્વના અન્ય ભાગોમાં જોઈ રહ્યા છીએ. જયાં સુધી આપણે વાતાવરણમાં ગ્રીનહાઉસ વાયુઓ બંધ નહીં કરીએ, ત્યાં સુધી માનવ સુખાકારી અને પ્રકૃતિ માટે વધુ પ્રતિકૂળ પરિણામો મુજબ વિશ્વ વધુને વધુ ગરમ થતું રહેશે.

યુરોપિયન યુનિયનની કોપરનિકસ ક્લાઈમેટ ચેન્જ સર્વિસના જણાવ્યા અનુસાર, ગયા મહિને સમગ્ર વિશ્વમાં સૌથી ગરમ જૂન મહિનો હતો. ઉત્તરપશ્ચિમ યુરોપમાં જૂનમાં વિક્રમી તાપમાન જોવા મળ્યું હતું, જ્યારે કેનેડા, યુએસ, મેક્સિકો, એશિયા અને પૂર્વીય ઓસ્ટ્રેલિયાના ભાગોમાં પણ સામાન્ય કરતાં વધુ તાપમાનમાં વધારો થયો હતો. આ હવામાન જુલાઈ સુધી ચાલુ રહ્યું છે, દક્ષિણ યુરોપ, યુએસના ભાગો, ચીન અને મેક્સિકોમાં 45C (113F)થી ઉપરના તાપમાનને કારણે વધુ રેકોર્ડ તોડી નાખ્યા છે, અને ગરમીથી જંગલમાં આગ લાગે છે.

૩ જુલાઈના રોજ, વિશ્વમાં સૌથી ગરમ દિવસ હતો. વૈશ્વિક સરેરાશ તાપમાન 17.01 C (62.61F)ના બિનસત્તાવાર રેકોર્ડ ઉપર પહોંચ્યું હતું, જે ૨૦૧૬માં 16.9C (62.42F)ના અગાઉના ઉચ્ચ સ્તરને વટાવી ગયું હતું. ૬ જુલાઈએ વૈશ્વિક સરેરાશ તાપમાન 17.23C (63.01F) સુધી પહોંચ્યું હતું. છેલ્લા ૨૦ દિવસોમાં, પૃથ્વી ઉપરનું સરેરાશ તાપમાન અગાઉના કોઈપણ રેકોર્ડ કરતા વધારે રહ્યું છે. પેન્સિલવેનિયા યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ અર્થ એન્ડ એન્વાયર્નમેન્ટલ સાયન્સના પ્રતિષ્ઠિત પ્રોફેસર માઈકલ ઈવાન મેને ટ્વિટર પોસ્ટમાં જણાવ્યું હતું કે, આધુનિક ઈતિહાસમાં અને સંભવતઃ છેલ્લા ૧૨૦,૦૦૦ વર્ષોમાં જુલાઈ હવે સૌથી ગરમ મહિનો બનવાની અપેક્ષા છે. વિશ્લેષણ દર્શાવે છે કે આબોહવા પરિવર્તને ચીનમાં તાજેતરના ગરમીના મોજાની શક્યતા ઓછામાં ઓછી ૫૦ ગણી વધારી છે, જયારે આવી ઘટનાઓને હવે અસામાન્ય તરીકે વર્ગીકૃત કરવામાં આવતી નથી.

જો વૈશ્વિક તાપમાનમાં વધારો 2C (3.6F) સુધી પહોંચે તો આવી આત્યંતિક હવામાનની ઘટનાઓ વધુ અને વારંવાર બનશે, જો પેરિસ કરાર ઉપર હસ્તાક્ષરકર્તાઓ તેમના ઉત્સર્જનના વચનોનું પાલન કરવામાં નિષ્ફળ જશે તો પરિસ્થિતિ વધુ ખરાબ થશે. બ્રિટીશ આબોહવા વિજ્ઞાની વોટસનના મતે, વિશ્વભરની સરકારો તેમના લક્ષ્યોની “નજીક પણ” નથી. વ્યક્તિગત રૂપે વિશ્વની સરકારો ઉત્સર્જન ઘટાડવા માટે પ્રતિબદ્ધતા માટે તૈયાર નથી. ૨૦૩૦ સુધીમાં ઉત્સર્જનને અડધું કરવા અને ૨૦૫૦ સુધીમાં શૂન્ય સુધી પહોંચવા માટે સરકારો પાસે જરૂરી રાજકીય ઈચ્છાશક્તિ નથી. સરકારો જે જરૂરી છે તે કરી રહી નથી. તેમણે કહ્યું કે સરકારોએ સમજવું જોઈએ કે જળવાયુ પરિવર્તનનો સામનો કરવો તેમના આર્થિક હિતો માટે પણ શ્રેષ્ઠ છે. ઘણી સરકારો હજુ પણ કહે છે કે વોર્મિંગને મર્યાદિત કરવા માટે વધુ ખર્ચ થશે. પરંતુ વાસ્તવમાં, નિષ્ક્રિયતાની કિંમત એકશનની કિંમત કરતાં ઘણી વધારે છે. સરકારો, ખાનગી ક્ષેત્ર અને જનતાએ સાથે મળીને જરૂરી ફેરફારો કરવાની જરૂર છે. તેમણે શમન નીતિઓ અને અનુકૂલન વ્યૂહરચનાઓ માટે વ્યાપક પ્રયાસો કરવા માટે હાંકલ કરી હતી.

# ગીર સોમનાથનાં સાગર પુત્રોનું ૬૧ દિવસનું વેકેશન પૂર્ણ : ૧ ઓગષ્ટથી ખેડશે દરીયો

## સોમનાથના સાગર પુત્રો ફિશીંગ જાળ ગુંથવામાં માહિર





(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૨૯

૩૧ જૂલાઈ મધરાત્રી પછી સાગરખેડૂઓનું ૬૧ દિવસનું વેકેશન પૂર્ણ થાય છે. ૧ ઓગષ્ટથી દરીયો ખુંદવા સાગર પુત્રો તડામાર તૈયારીઓને આખરી ઓપ આપી રહ્યા છે. સોમનાથ મંદિર પાછળના સરકીટ હાઉસથી છે ક બંદર સુધી ખુલ્લા મેદાનમાં લોખંડના બે ખિલ્લાઓ ખોડી તેમાં એક છેડેથી બીજે છેડે સુધી જાળો પાથરી સાગરપુત્રો પરીવારો જાળ ગુંથી રહ્યા છે અને લાલ, બ્લુ, પીળા, કેસરી કલરની જાળોની બોર્ડર ઉપર થોડા થોડા અંતરે લોખંડની સાંકળના કટકા બાંધી તેને આંગળીના ટેરવાંથી ગુંથી રહ્યા છે. સાગર ખેડુ કાનાજીભાઈ દોરીયા કહે છે જાળ ટ્રોલીંગ નેટ બે ભાગમાં વહેંચાયેલી હોય છે. એક ભાગ દરીયામાં જાય બીજો ભાગ બોટ સાથે જોડાયેલ રહે અને જાળ ન ડુબી જાય તે માટે સાંકળ, બોયાં, પાટીયાં જાળ સાથે જોડવામાં આવે છે.

વેરાવળ-મદદનીશ મત્સાય ઉદ્યોગ નિયામક વી.કે. ગોહિલ કહે છે, દરીયામાં પ્રવેશવા માટે ઓનલાઈન ટોકન ઈસ્યુ થાય છે જે પહેલી ઓગષ્ટે ઈસ્યુ થાય છે. ફીસરીઝ કોલેજ- વેરાવળના આસી. પ્રોફે. હેડ કેતન ટાંક કહે છે નેટ ટ્રોલ હાઈડેન્સોટીવ પોલીઈકના નાયલોનના મજબુત દોરાથી બનેલી હોય છે અને અલગ અલગ કણથી જાળ વપરાય છે. ફીસ માટે અલગ, દરીયા મધ્યે તળીયે ફીસ કેચ માટે અલગ અને તળીયે ફીસ કેચ કરવા માટેની જાળ અલગ અલગ હોય છે. જાળનું મોઢું ખોલવા અને તે પણ વર્ટીકલ ઉભું ખોલવા માટે અને જાળ પાણીમાં ડુબી રહે તે માટે દોરડા સાથે લોખંડની સાંકળ થોડા થોડા અંતરે ગુંથાય છે અનો બોયાં અને પાટીયાંથી ખબર પડે કે, જાળ સલામત છે ડુબી નથી.

મત્સય ઉદ્યોગ સાથે જાળ ગુંથવાનો વ્યવસાય-પરંપરા મત્સય ઉદ્યોગનું જેટલું મહત્વ છે તેટલું જાળ ગુંથવાના વ્યવસાયનું છે.. માછીમારીના સિઝન શરૂ થતી હોય ત્યાર પહેલા જાળ ગુંથતા કારીગરો, પરીવારો તેમના વ્યવસાયમાં અતિ વ્યસ્ત હોય છે. કારીગરો દ્વારા બ પ્રકારની જાળ વધુ પ્રમાણમાં ગુંશ્વવામાં આવે છે જેમં એક મોટી કણની જાળ જેની લંબાઈ મોટી હોય છે. આ જાળ ગુંથવા માટે વેપારીઓ પાસેથી જદા જુદા ટુંકડા લઈ તને સજાવવામાં આવે છે જેમાં દોરડું, સુતરનો ઉપયોગ વધુ થાય છે. મોટાકણ જાળ ૨૦થી ૨૨ દિવસાની લાંબી ટ્રોલીંગ ફિશીંગ બોટમાં ઉપયોગ લેવાય છે. આ જાળમાં મટા માછલાઓ જ આવે છે.

નાના કણની જાળ ગુંથવામાં પણ કારીગરોની માસ્ટરી હોય છે. આ જાળ નાની હોવાથી નાની ટ્રોલીંગ ફીસીંગ બોટ દ્વારા લોકલ ફીસીંગમાં વધુ ઉપયોગ થાય છે. ફીસીંગ જાળનું મટીરીયલ્સા વેંચતા સ્થાનિક ૧૭ થી ૨૦ વેપારીઓ છે. નાની હોડીઓ અને ફાયબર જાળના વ્યવસાયની અલગથી ગુંથવામાં આવે છે. કેટલાકના મતે ફાયબર બોટ દ્વારા દરીયામાં સાંજના સમયે જાળ નાખવામાં આવે છે. છથી સાત કલાક બાદ પરત ઉઠાવી લેવામાં આવે છે. જાળ તો તૈયાર મળે છે જેને કારીગરો દ્વારા સાંઢા મારીન તૈયાર કરાય છે. જાળ ગુંથવા સ્વરોજગારી મેળવે છે, કડકડતી ધુપ હોય કે, વરસાદી વાછંટ હોય તેઓની કામ પ્રત્યેની રૂચી જાળ ગુંથવી તેઓને મન રમતની વાત હોય છે. વેરાવળમાં ગુંથાતી જાળોની સૌરાષ્ટ્રના દરીયાકાંઠા વિસ્તારોમાં માંગ રહે છે. દરીયા કિનારે રંગબે રંગી જાળો ગુંથતા સાગરપુત્રોને તમે રૂબરૂ જુઓ તો જ ખ્યાલ આવે કે સામુહ શ્રમ અનો દરીયા જવા માટે કેટકેટલી તૈયારીઓ કરવી પડે છે.

# મિરે એસેટ મ્યુચ્યુઅલ ફંડે મિરે એસેટ મલ્ટિકેપ ફંડ લોન્ચ કર્યું

મુંબઈ, તા.૨૯

ભારતમાં સૌથી ઝડપથી વિકસતા ફંડ હાઉસમાંના એક મિરે એસેટ મ્યુચ્યુઅલ ફંડે મિરે એસેટ મલ્ટિકેપ ફંડ લોન્ચ કરવાની જાહેરાત કરી છે, જે લાર્જ કેપ, મિડ કેપ અને સ્મોલ કેપ શેરોમાં રોકાણ કરતી ઓપન-એન્ડેડ ઈક્વિટી સ્કીમ છે.

ફંડ માટેનો એનએફઓ ૨૮ જુલાઈ, ૨૦૨૩ના રોજ સબસ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૧ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ બંધ થશે. ફંડનું મેનેજમેન્ટ શ્રી અંકિત જૈન સંભાળશે. ફંડ માટે બેન્ચમાર્ક ઈન્ડેક્સ નિફ્ટી ૫૦૦ મલ્ટિકેપ ૫૦:૨૫:૨૫ ટીઆરઆઈ હશે. ફંડમાં લઘુત્તમ પ્રારંભિક રોકાણ રૂા.૫,૦૦૦ અને ત્યારબાદ રૂા.૧ના ગુણાંકમાં કરી શકાશે જેમાં મુખ્ય બાબતો નીચે મુજબ છે.

● ૫-વર્ષથી વધુની ક્ષિતિજ ધરાવતા રોકાણકારો માટે રોકાણના વિકલ્પોમાંથી એક, જેઓ સમગ્ર માર્કેટકેપમાં તેમના ઈક્વિટી પોર્ટફોલિયોમાં વૈવિધ્યીકરણ કરવા અથવા તેઓ જે સ્કીમમાં રોકાણ કરે છે તેની સંખ્યાને મર્યાદિત કરવા માગે છે, કારણ કે તે સમગ્ર માર્કેટ કેપ સ્પેક્ટ્રમમાં એક્સપોઝર આપે છે.

● દરેક કેટેગરીમાં ઓછામાં ઓછી ૨૫% અને મહત્તમ ૫૦% ફાળવણી થશે જેથી સમગ્ર સેગમેન્ટમાં સમાન ભાગીદારી રહેશે

● : લાર્જ કેપ રોકાણો માર્કેટ કેપિટલાઈઝેશન દ્વારા ટોચના ૧૦૦ શેરોમાં હશે, જ્યાં બિઝનેસીસ પ્રભાવશાળી કંપનીઓ સાથે પરિપક્વ છે અને તેથી મિડ અને સ્મોલ કેપની તુલનામાં પ્રમાણમાં ઓછું જોખમ અને અસ્થિરતા રહેલી છે.

● મિડ કેપમાં માર્કેટ કેપિટલાઈઝેશનના આધારે આગામી ૧૫૦ (૧૦૧માથી ૨૫૦મા) શેરોનો સમાવેશ થાય છે જેમાં મોટાભાગે વ્યાજબી વેલ્યુએશન સાથેના ઉભરતા બિઝનેસીસ છે.

● સ્મોલ કેપ્સમાં માર્કેટ કેપિટલાઈઝેશન દ્વારા ૨૫૧મા અને તેનાથી આગળના સ્ટોક્સનો સમાવેશ થાય છે જેમાં અપાર સંભાવનાઓ સાથેના યુવા અને સ્કેલેબલ બિઝનેસનો સમાવેશ થાય છે. આ શેરોમાં ઘટાડો થવાનું જોખમ ઊંચું હોઈ શકે છે, પણ તેમની પાસે ઊંચા વળતર આપવાની ક્ષમતા પણ વધુ છે.

● છેલ્લું ૨૫% રોકાણ વધુ વ્યૂહાત્મક પ્રકારનું હશે જે સમગ્ર માર્કેટ કેપિટલાઈઝેશનમાં ડાયનેમિક ફાળવણી દ્વારા તકોનો લાભ ઉઠાવશે.

મિરે એસેટ મલ્ટિકેપ ફંડ કેપિટલાઈઝેશન અને સેક્ટર એગ્નોસ્ટિક હોવાને કારણે રોકાણકારોને એવા શેરો અને ક્ષેત્રોમાં રોકાણ કરવાનો અનુભવ આપે છે જે શ્રેષ્ઠતાના લાભો તેમજ અર્થતંત્રમાં તકનીકી ફેરફારોનો અનુભવ કરી રહ્યાં છે. આ એવા રોકાણકારો માટે પણ એક તક છે કે જેઓ તેમના પોર્ટફોલિયોને વ્યાપકપણે ફેલાવવા માંગતા નથી પરંતુ તમામ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ શેર્સનો આનંદ માણવા માંગે છે.

મિરે એસેટ મલ્ટિકેપ ફંડના ફંડ મેનેજર અંકિત જૈને જણાવ્યું હતું કે, "શરૂઆતથી જ, અમારા રોકાણકારોને તેમની રોકાણ વ્યૂહરચના અનુસાર તેમના વળતરને ઓપ્ટિમાઈઝ કરવા માટે સક્ષમ બને તેવા વિવિધ વિકલ્પો આપવાનો અમારો પ્રયાસ રહ્યો છે. રોકાણકારોને ઘણીબધી સ્કીમ્સ ઉમેર્યા વિના તેમના રોકાણને સમગ્ર માર્કેટ સ્પેક્ટ્રમમાં વિસ્તારવા સક્ષમ બનાવીને મિરે એસેટ મલ્ટિકેપ ફંડ પણ એક સમાન સિદ્ધાંતને અનુસરે છે. મલ્ટિકેપ ફંડ લાર્જ કેપ, મિડ કેપ અને સ્મોલ કેપ ફંડ્સમાં રોકાણ કરે છે, જેમાં વિવિધ પ્રકારની તકો અને જોખમો છે, જે તેને રિસ્ક અને રિવોર્ડને સંતુલિત કરતો ગતિશીલ વિકલ્પ બનાવે છે." જૈને વધુમાં ઉમેર્યું હતું કે, "વૈશ્વિક આર્થિક માહોલમાં ઉથલપાથલ હોવા છતાં, ભારતીય અર્થતંત્ર પ્રભાવશાળી વૃદ્ધિના માર્ગ પર આગળ વધવાનું ચાલુ રાખે છે અને મિરે એસેટ મલ્ટિકેપ ફંડનો ઉદ્દેશ તેના રોકાણકારો માટે તમામ ક્ષેત્રોમાં પ્રોત્સાહજનક હકારાત્મક વિકાસ મેળવવાનો અને ઓફર કરવાનો છે."

મિરે એસેટ મલ્ટિકેપ ફંડ રોકાણકારો માટે રેગ્યુલર પ્લાન અને ડાયરેક્ટ પ્લાન બંનેમાં ઉપલબ્ધ હશે. એનએફઓ પછી ન્યૂનતમ વધારાની ખરીદીની રકમ રૂા.૧૦૦૦ અને ત્યારબાદ રૂા.૧ના ગુણાંકમાં રહેશે.

# અંધશ્રધ્ધાથી આધુનિક વિજ્ઞાન તરફ લઈ જતુ તબીબી ક્ષેત્ર

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૯




સામાન્ય રીતે આજના આધુનિક સમયમાં પણ ઘણી બધી અંધશ્રધ્ધા અને ગેરમાન્યતાઓ પ્રવર્તે છે. તાજેતરમાં જ એક ૩૦ વર્ષીય મહિલાને માથાનો દુઃખાવો અને મોઢામાં કરંટ લાગતા હોય તેવા ઝટકાથી પીડાય રહયા હતા. તેમાં પણ ઘરના લોકોએ ભુતપ્રેતનો વળગાડ સમજી પત્નીને ઘરેથી પીયર મોકલી દીધા હતા. તેમના ઘરે તેના માતા પિતાની દેખરેખમાં માથાના દુઃખાવાની દવા સાથે તેઓએ ન્યુરોલોજીસ્ટને બતાવેલ જેમાં તેની મગજમાં ગાંઠ છે તેવુ માલુમ થયું. લગભગ ૪.૫ સેમી મોટી અને ૩.૫ સેમી પહોળી ગાંઠનું નિદાન થયા પછી તેમને વોકહાર્ટ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા. દર્દીના સગાઓએ ૨–૩ જગ્યાએથી મંતવ્ય લીધુ જેમાં સર્જરીમાં મોઢું ત્રાસુ થઈ જવાનો અને સાંભળવાનુ બંધ થવાનો ભય હતો. વોકહાર્ટ હોસ્પિટલના સિનિયર ન્યુરોસર્જન ડો.કાન્ત જોગાણી અને ન્યુરોસર્જન ડો.વિરલ વસાણી દ્વારા તેમનું સફળતા પુર્વક ઓપરેશન કરવામાં આવ્યું હતું જેમાં તેમની દરેક નસને બચાવવામાં આવી અને કોઈ પણ જાતના નુકશાન વગર મોઢું ત્રાસુ થયા વગર અને સાંભળવાનું પણ બચાવીને દુઃખાવામાંથી અને ગાંઠમાંથી મુકિત મેળવી હતી. ઓપરેશનના બીજા જ દિવસે એમ.આર.આઈ. કરીને ગાંઠના દુર થવાની ખાતરી મેળવી હતી તથા રિપોર્ટસ સામાન્ય થતા દર્દીને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. દર્દીના માતા-પિતાએ ડો.કાંત જોગાણી અને ડો.વિરલ વસાણીનો આભાર માનેલ હતો.

# દ્વારકા મંદિરમાં છઠ્ઠી ધ્વજાના નિર્ણયને લઈને બ્રહ્મ સમાજે કલેક્ટર અને દેવસ્થાન સમિતિને નોટિસ પાઠવી

દ્વારકા, ૨૯



જગતમંદિર દ્વારકા મંદિરને લઈ મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, દ્વારકા મંદિરમાં છઠ્ઠી ધ્વજાના નિર્ણયને લઈને બ્રહ્મ સમાજે કલેક્ટર અને દેવસ્થાન સમિતિને નોટિસ પાઠવી છે. વિગતો મુજબ સમાજને વિશ્વાસમાં લીધા વગર જ છઠ્ઠી ધ્વજાનો નિર્ણય લેવાતા નોટિસ પાઠવી હોવાનું સામે આવ્યું છે. દ્વારકા મંદિરમાં છઠ્ઠી ધ્વજાને લઈ વિવાદ સામે આવ્યો છે. વિગતો મુજબ દ્વારકા મંદિરમાં ધ્વજા ચઢાવવાનો હક માત્ર ત્રિવેદી અબોટી પરિવાર પાસે છે. જોકે તાજેતરમાં દ્વારકા મંદિરમાં છઠ્ઠી ધ્વજાને લઈ નિર્ણય લેવાતા હવે વિવાદ થયો છે. જેમાં ત્રિવેદી અબોટી પરિવારને વિશ્વાસમાં લીધા વગર જ છઠ્ઠી ધ્વજાનો નિર્ણય લેવાતા ત્રિવેદી અબોટી બ્રહ્મ સમાજે નોટિસ પાઠવી છે. ત્રિવેદી અબોટી બ્રહ્મ સમાજ દ્વારા દ્વારકા મંદિરમાં છઠ્ઠી ધજાના નિર્ણયને લઈ કલેક્ટર અને દેવસ્થાન સમિતિને નોટિસ પાઠવવામાં આવી છે. જેમાં સમાજને વિશ્વાસમાં લીધા વગર જ નિર્ણય લેવાયો હોવાનું સામે આવ્યું છે. જેથી ત્રિવેદી અબોટી બ્રહ્મ સમાજે નોટિસ પાઠવી ત્રણ દિવસમાં ખુલાસાઓ આપવાની તાકીદ કરી છે.

# દેશમાં ૨૦૧૮થી અત્યાર સુધીમાં કુલ ૨,૭૫,૧૨૫ બાળકો ગુમ થયા, ૨,૧૨,૮૨૫ માત્ર છોકરીઓ

દિલ્હી, તા. ૨૯

છેલ્લા પાંચ વર્ષમાં દેશભરમાં ૨ લાખ ૭૫ હજારથી વધુ બાળકો ગુમ થયા છે. ગુમ થયેલા બાળકોમાં ૨ લાખ, ૧૨ હજાર છોકરીઓ છે. કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે ગયા અઠવાડિયે લોકસભામાં આ માહિતી આપી હતી. કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાનીએ લોકસભામાં રજૂ કરેલા આંકડાઓ અનુસાર, ૨૦૧૮થી જૂન ૨૦૨૩ સુધીમાં કુલ ૨,૭૫,૧૨૫ બાળકો ગુમ થયા છે, જેમાંથી ૨,૧૨,૮૨૫ છોકરીઓ છે. લોકસભામાં આપવામાં આવેલી માહિતી અનુસાર, ૨ લાખ, ૪૦ હજાર (૨,૪૦,૫૦૨) બાળકો શોધી કાઢવામાં આવ્યા હતા, જેમાંથી ૧,૭૩,૭૮૬ (૧.૭૩ લાખ) છોકરીઓ છે. સ્મૃતિ ઈરાનીએ એક લેખિત જવાબમાં જણાવ્યું કે કેન્દ્ર સરકારની ચાઈલ્ડ હેલ્પલાઈન ગુમ થયેલા બાળકોને શોધવા માટે દેશભરમાં કામ કરી રહી છે. ગુમ થયેલા બાળકોને શોધી કાઢવા માટે એક ટ્રેક ચાઈલ્ડ પોર્ટલ પણ છે. મધ્યપ્રદેશમાંથી સૌથી વધુ બાળકો ગુમ થયા છે. મધ્યપ્રદેશમાં ગુમ થયેલા બાળકોની સંખ્યા ૬૧ હજારથી વધુ છે. ગુમ થયેલા બાળકોના મામલામાં પશ્ચિમ બંગાળ બીજા નંબરે છે. આ રાજયના ૪૯ હજારથી વધુ બાળકો ગુમ છે. રિપોર્ટ અનુસાર, સાત રાજ્યો મધ્યપ્રદેશ, પશ્ચિમ બંગાળ, ઓડિશા, કર્ણાટક, ગુજરાત, દિલ્હી અને છત્તીસગઢમાં સૌથી વધુ બાળકો ગુમ થાય છે. આ રાજ્યોમાં ગુમ થયેલા બાળકોની કુલ સંખ્યા ૨ લાખ, ૧૪ હજાર, ૬૬૪ છે. એટલે કે કુલ ગુમ થયેલા બાળકોમાંથી ૭૮ ટકા આ સાત રાજ્યોના છે.

# ૧૭ દેશોમાં ભારતીય UPIના ઉપયોગને મંજૂરી

દિલ્હી, તા.૨૯


સમગ્ર વિશ્વમાં ભારતીય યુપીઆઈનો ડંકો વાગી રહ્યો છે. **UPI** દ્વારા ટ્રાન્ઝેકશન માત્ર ભારતમાં જ નહીં, પરંતુ વિદેશોમાં પણ વધી રહ્યું છે, ભારતીય **UPI**નો પ્રભાવ યથાવત છે. તાજેતરમાં આરબીઆઈએ યુપીઆઈ દ્વારા ચૂકવણીનો ડેટા જાહેર કર્યો છે. માહિતી અનુસાર યુપીઆઈનો ઉપયોગ કરનારા લોકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. આરબીઆઈ ઈન્ડેક્સ અનુસાર માર્ચમાં ડિજિટલ પેમેન્ટમાં ૧૩.૨૪ ટકાનો વધારો થયો છે. હવે ફ્રાન્સ, દુબઈ અને સિંગાપોર સહિત ૧૭ દેશોમાં ભારતીય **UPI**ના ઉપયોગને મંજૂરી આપવામાં આવી છે. રિપોર્ટ અનુસાર આવનારા ૫ વર્ષમાં માત્ર ભારતમાં જ **UPI** દ્વારા કરવામાં આવતી પેમેન્ટ પણ ૯૦ ટકાના આંકડાને પાર કરી જશે. આનાથી માત્ર ડિજિટલ પેમેન્ટનો ટ્રેન્ડ વધશે જ નહીં, પરંતુ ભારતીય અર્થતંત્રને પણ ઘણો ફાયદો થશે. વિદેશમાં **UPI**ની રજૂઆતથી એવા લોકોને ફાયદો થશે, જેઓ ભારતની બહાર મુસાફરી કરશે. તેઓ ત્યાં **UPI** દ્વારા ભારતીય રૂપિયામાં કોઈપણ મુશ્કેલી વિના અને કોઈપણ ચલણ વિનિમય વિના સરળતાથી ચૂકવણી કરી શકશે. આ સાથે દેશમાં ડિજિટલ ટ્રાન્ઝેક્શનનો ક્રેઝ વધશે અને દેશની અર્થવ્યવસ્થાને પણ ફાયદો થશે. **UPI** દ્વારા ભારતીય રૂપિયા વડે વિદેશમાં પેમેન્ટ કરવાથી ભારતીય રૂપિયો વધુ મજબૂત થશે. **UPI** દ્વારા વિદેશમાં ચુકવણી કરવી ખૂબ જ સરળ છે. સૌથી પહેલા તમમા **UPI** માટે જે પણ પ્લેટફોર્મનો ઉપયોગ કરો છો તેને ડાઉનલોડ કરો. આ પછી તમારું બેંક એકાઉન્ટ તેની સાથે લિંક કરો. બેંક ખાતાને લિંક કર્યા પછી તમારે બેંક એકાઉન્ટ નંબર, **IBAN** **y™u IBC** જેવી એપ્લિકેશનમાં પ્રાપ્તકર્તાની વિગતો દાખલ કરવી પડશે. હવે તમામ ફોર્માલિટી કર્યા બાદ તમે પેમેન્ટ કરી શકશો, ઉપર જણાવેલા કેટલાક દેશમાં હાલમાં **UPI** શરૂ થયુ નથી. હાલમાં તે શરૂઆતના સ્ટેજમાં છે, તેથી તેને ધીમે ધીમે વધારવામાં આવી રહ્યુ છે. ફ્રાન્સ, ભુતાન, નેપાળ, ઓમાન, સંયુકત આરબ અમીરાત, મલેશિયા, થાઈલેન્ડ, ફિલિપાઈન્સ, વિયેતનામ, સિંગાપુર, કંબોડિયા, હોંગ કોંગ, તાઈવાન, દક્ષિણ કોરિયા, જાપાન, યુનાઈટેડ કિંગડમ, યુરોપ સહીત દેશોમાં **UPI**ની શરૂઆત થઈ ગઈ છે.



# ૨૨ જુલાઈની જૂનાગઢની પૂર હોનારત

## "ધ્રુજતા રડમસ અવાજમાં એક મહિલાનો "અમને બચાવી લો" તેવા શબ્દો સાથે ફોન આવ્યો ત્યારે કલેકટરની સંવેદનાઓ ઝંકૃત થઈ હતી"







જૂનાગઢતા. ૨૯

આમ તો જ્યારે કુદરતી આફતની જૂનાગઢ પંથકમાં ચર્ચા થાય ત્યારે જૂની પેઢી ૮૩ની જળ હોનારત યાદ કરે. શાપુર હતું ન હતું થઈ ગયું તે યાદ કરે પણ જૂનાગઢમાં પૂર હોનારત થાય તેવી કોઈ કલ્પના પણ ના કરે. કારણ? જુનાગઢ ગિરનારના ભૂપૃષ્ઠ પર સૌથી ઊંચે છે. અહીં વરસાદી પાણી ન ટકે. ટૂંકા પટ્ટાના ઉપરવાસથી આવે પણ નહીં. એટલે જુનાગઢ વાસીઓ બેફિકર રહે. ઘરનો બીજો માળ પાણીમાં ડૂબી જશે એવું તો કોઈએ સપનામાં ય જોયું નહીં હોય.

આખરે ૨૨મી જુલાઈ ૨૩નો એદિવસ. આ દિવસે જુનાગઢે જે જોયું એ ક્યારેય ભૂલાય એવું લાગતું નથી. આ જળ હોનારત જૂનાગઢમાં તારાજી કરીને તો ગઈ છે પણ જૂનાગઢને મંથન કરવા ઘણું શીખવીને પણ ગઈ છે.

અનિલ રાણાવાસિયા જૂનાગઢના કલેક્ટર છે. ચાર્જ લીધા ને હજુ ત્રણ મહિના થયા છે. જુનાગઢ જિલ્લાની ભૂગોળ, વરસાદી સીઝનની જુદા જુદા પ્રાંતમાં થતી અસર સમજે તે પહેલા તેમને અચાનકઆવેલી અકલ્પિત કુદરતી આફતમાં લોકોનેબચાવવા,મદદ કરવા સરકારી વ્યવસ્થા તંત્રનેદિશાનિર્દેશ આપવો પડ્યો છે.

જૂનાગઢના લોકોની હિંમત, સમય સૂચકતા, જિલ્લા તંત્રના સભ્યોનુંટીમ વર્ક અનેભરાયેલા પાણીના નિકાલ માટે એક્શન મોડમાં કામગીરીને કારણે સદનશીબે વરસાદ અને પૂર સ્થિતિ પ્રમાણે તે દિવસે ખૂબ મોટી જાનહાની થઈ નથી.

૨૨મી જુલાઈએ ગિરનાર પર પડેલા ભારે વરસાદથી થયેલી પૂર હોનારતના એ દિવસે કલેક્ટરે શું અનુભવ્યું? શું જોયું? કેવી રીતે પોલીસ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ સાથે સંકળાયેલા તંત્રએ સમગ્ર સ્થિતિની કમાન સંભાળી એ જોઈએ એમના જ શબ્દોમાં....

"૨૨ જુલાઈ ૨૦૨૩નો દિવસ સવારના સમયે ચોમાસાના એક સામાન્ય દિવસ જેવો લાગતો હતો. ખબર નહોતી કે આગળઆવતો સમય જૂનાગઢ શહેર માટે એક ના ભુલાય તેવો દિવસ બની રહેશે." બપોરે પોણા બે વાગે હું લંચ પછી ઓફિસ જવા નિકળ્યો હતો. ધોધમાર વરસતા એ વરસાદની ધ્વનિ કંઈક અલગ ઘટના ઘટી રહી હોવાનો અહેસાસ કરાવતી હતી. બંગલાની બહાર નીકળતા જ મારા **PSO** અને ડ્રાઈવર બોલ્યા: "સાહેબ, આ રસ્તા પર આટલુ પાણી અમે ક્યારેય નથી જોયું.

અમે ગાડીમાં આગળ વધી કાળવા ચોક તરફ જઈ રહ્યા હતા, ત્યાં મેં કાળવા નદીનું ભયંકર રૂપ જોયું. પાણી જે ગતિ એ કાળવામાં વહી રહ્યું હતું અને હિલોળા મારી રહ્યું હતું તે જોતાં કુદરતની સામે માણસની હેસિયતનો અહેસાસ કરાવતો એક વીજળી વેગ અહેસાસ થયો. કાળવા ચોક અને સરદાર ચોક વચ્ચેના એ પુલ પર લગભગ ૫૦-૬૦ માણસો કાળવા નદીના એ પ્રચંડ શક્તિ રૂપી રૌદ્ર રૂપને જોવા ભેગા થયા હતા. **PSO** અને મેં આ લોકોનેત્યાંથી હટી જવા અને ઘરે જવા સૂચના આપવા માંડી. ઘડીક લોકો ત્યાંથી હટે અને પાછા આવી જાય, લગભગ ૫ મિનિટ સુધી વારંવાર લોકોને સૂચના આપ્યા અને હટાવ્યા બાદ ત્યાં પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો. હું ત્યાંથી મોતીબાગ તરફથી ઓફિસના રસ્તે આગળ વધ્યો પરંતુ પાણી કાળવા નદીનુ પાણી તેની સરહદો વટાવી રસ્તા પર આવવાનું શરૂ કરી ચૂક્યું હતું.

હું ત્યાંથી પરત ફરી ગાંધી ચોક થઈને ભારે વરસાદમાં ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ પહોંચ્યો. સ્થિતિ વિકટ હતી. કંટ્રોલ રૂમના ફોન અને અધિકારીઓના ફોન સતત રણકી રહ્યા હતા. આવતી દરેક ફરિયાદ નોંધી, જરૂરી મદદ પહોંચાડવાનું શરૂ કર્યું.

**- અનિલ રાણાવાસીયા કલેકટરશ્રી, જૂનાગઢ**

આ પરિસ્થિતિમાં એક બહેનનો ફોન આવ્યો, ધ્રુજતા રડતા અવાજે મને કહ્યુ" સાહેબ ,અમારા ઘરોમાં પાણી ભરાયા છે, સોસાયટીની એક કમ્પાઉન્ડ દિવાલ તોડવી પડે એમ છે, નહિતર અમે ડૂબી જઈશું, અમને બચાવી લો, મદદ મોકલો. તાત્કાલિક ત્યાં **JCB** મોકલ્યું અને દિવાલ તોડાવી અને પાણીને સોસાયટીમાથી કાઢ્યું. એસટી વર્ક શોપમાં ફસાયેલા લોકોને **NDRF**ની મદદ મોકલી બચાવ્યા. સતત આવી રહેલી આવી કેટલીય મદદની વિનંતીઓ પોલીસ,**R&B, RTO, NDRF, SDRF,** મહાનગર પાલિકાની ફાયર બ્રિગેડના જવાનો, સ્થાનિકોની મદદથી પૂરી કરવાનો પ્રયાસ કર્યો. એસપી અને પોલીસની ટીમનો અદ્ભુત સહયોગ મળ્યો અને તેમણે પોતાના જીવની પણ પરવા કર્યા વગર ઘણા લોકોને ડૂબતા બચાવ્યા. તમામ વિભાગો અને સ્થાનિક પદાધિકારીઓ, સંસ્થાઓ, સેવાભાવી લોકોની મદદથી ૨૨૦ જેટલા લોકોને રેસ્કયુ કર્યા, ૭૫૦ જેટલા લોકોને સલામત સ્થળે ખસેડયા. રાજ્ય સરકારની પણ ખૂબ મદદ મળી. મુખ્ય મંત્રીશ્રી, મુખ્ય સચિવશ્રી, મહેસુલ સચિવશ્રી, રાહત કમિશ્નરશ્રી તરફથી તમામ જરૂરી મદદ મળી.

વરસાદના પાણી ઉતર્યા બાદ અમે શહેરના વિવિધ વિસ્તાર તથા સોસાયટીમાં ગયા જ્યાં ભારે વરસાદના કારણે કાદવ કીચડ જોવા મળેલ, એટલે અમારી પહેલી પ્રાથમિકતા સમગ્ર શહેર માં સફાઈ, દવા છંટકાવની હતી. જૂનાગઢ મહાનગર પાલિકાના લગભગ ૬૦૦ જેટલા સફાઈ કર્મચારી ઉપરાંત રાજકોટ, ભાવનગર, અમદાવાદ મહાનગરપાલિકા અને રાજકોટ, ભાવનગર ઝોનની નગરપાલિકાઓના ૪૦૦ જેટલા સફાઈ કર્મચારીઓ અને વિવિધ મશીનરી દ્વારા અમે સફાઈ અભિયાન શરૂ કર્યું.

જોત જોતામાં શહેરના મુખ્ય માર્ગોની સાથે સાથે સોસાયટીનો કાદવ દૂર થવા માંડ્યો અને શહેર સ્વચ્છ થવા લાગ્યું. ઉપરાંત ભારે વરસાદને કારણે ઘણા વિસ્તારોમા વીજ પુરવઠો ખોરવાયો હતો, પરંતુ **PGVCL**ના અધિકારીશ્રી /કર્મચારીશ્રીઓએ રાતદિવસ કામ કરીને ૨૩ જુલાઈએ તો સમગ્ર શહેરમાં વીજ પુરવઠો પૂર્વવત સ્થિતિમાં લાવી દીધો. કાઠિયાવાડ એટલે સેવાભાવી લોકોની ધરતી અને એનો અહેસાસ તમને કુદરતી આપત્તિ વખતે અચૂક જોવા મળે. સેવાભાવી સંસ્થાઓએ મદદનો હાથ લંબાવ્યો અને જોત જોતામાં તો હજારોની સંખ્યામાં ફૂડ પેકેટ મળવા માંડ્યા જેને જરૂરિયાતમંદ લોકો વચ્ચે વહેંચવામાં આવ્યા.

સાથેસાથે કરિયાણાની કીટ પણ વહેંચી. જરૂરિયાતમંદોને કપડા પણ આપ્યા. ભારે વરસાદના કારણે થયેલ નુકસાનીનો અંદાજ મેળવવાં અમે સર્વે કરવા માટે વિવિધ ટીમની રચના કરી. આ ટીમ ઘરે ઘરે જઈ લોકોને થયેલ નુકસાની વિશે જાણકારી મેળવવાં લાગી. લોકો સાથે ઊભા રહી એમને બને એટલી મદદ કરવાનો આ અમારો નમ્ર પ્રયાસ હતો.

હવે, આગામી સમયમાં શહેરમાં પૂરની આવી પરિસ્થિતિનું નિર્માણ કેમ થયું એના મૂળમાં જવાનો આશય છે. સ્થાનિક અનુભવ ધરાવતા લોકોને સાથે રાખી આ માટે જરૂરી અદ્યતન ટેક્નોલોજીની મદદ પણ લઈશું. અચાનક આવેલી આ કુદરતી આફત સામે લડવા જે કોઈ નામી અનામી લોકોએ મદદ કરી એમને મારા કોટી કોટી વંદન.

# માળીયાના માતરવાણીયામાં છ મહીનાની બાળકીની હત્યામાં તેની માતાનો જ હાથ : તપાસનો ધમધમાટ



જૂનાગઢતા. ૨૯ માળીયા હાટીના પંથકમાં કાળજું કંપાવી દે તેવી ઘટના સામેઆવી છે. વાડીવિસ્તારમાં રહેતા પરીવારના મકાનમાં ઘોડીયામાં સુતેલી છ મહીનાની બાળકીને ઉઠાવીને ઘરથી ૪૦૦ મીટર દુર નદીના ઉંડા પાણીમાં ફેંકી દેતા પોલીસે ડોગ સ્કવોડ અને એફએસએલની મદદ વડે બાળકીનો મૃતદેહ શોધી કાઢીને તપાસના ચક્રો ગતીમાન કરેલ છે.

આ બનાવ અંગે પીએસઆઈ બી.કે. ચાવડાએ જણાવ્યું હતું કે, ગઈકાલે પોલીસને જાણ થયેલ કે, માળીયાહાટીનાના માતરવાણીયા ગામે વાડી વિસ્તારમાં રહેતા હિરેનભાઈ નાથાભાઈ પરમારની છ મહીનાની દિકરી ત્રિશા અચાનક ઘોડીયામાંથી લાપતા બની છે, જેને લઈને પોલીસ ડોગ સ્કવોડ અને એફએસએલની મદદ વડે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો, અને કલાકોની મહેનત બાદ ડોગની મદદથી હિરેનભાઈના મકાનથી ૪૦૦ મીટર દુર આવેલી નદીના પાણીમાં તરતી હાલતમાં ત્રિશાનો મૃતદેહ મળી આવ્યો હતો. જેને લઈને બનાવ શંકાસ્પદ જણાઈ આવે છે કે બાળકીની ઉંમર છ માસ છે, અને તે જાતે ચાલી શકે નહી જેથી કોઈએ તેને ઉઠાવીને નદીમાં ફેંકી દીધી હોવી જોઈએ એવું તારણ પ્રાથમિક દ્રષ્ટીએ જોવા મળ્યું હતું.

પ્રાથમિક વિગત મુજબ આ મકાન વાડી વિસ્તારમાં આવેલું છે, અહીં હિરેનભાઈ અનો તેમના માતા-પિતા અને પત્ની ચાર જ વ્યકિત રહેતા હતાં. ગઈકાલે હિરેનભાઈને આંખ આવી હોવાથી બહાર રૂમમાં સુતા હતાં, જયારે માતા-પિતા અલગ રૂમમાં અને દિકરી ત્રિશા અને તેમની માતા બંને બીજા રૂમમાં સુતા હતા, ત્યારે સવારે માતાએ ત્રિશાને પેટ ભરાવીને ઘોડીયામાં સુવડાવી સ્નાન કરવા માટે ગયા હતાં. અને ૧૦-૧૫ મીનીટ પછી પરત ફર્યા ત્યારે જોયું કે ઘોડીયામાં ત્રિશા ન હતી, જેથી તરત પતિ અને સાસુ-સસરાને જાણ કરી હતી અને ગામના લોકો સહિતના આસપાસના વાડી વિસ્તારના લોકોએ પાંચ કલાક સુધી શોધખોળ કરી હતી પરંતુ ત્રિશા ન મળતા અંતે પોલીસને જાણ કરવામાં આવી હતી. દરમ્યાન આ બનાવમાં ઘરકંકાશમાં ત્રિશાની માતાએ જ બાળકીને નદીમાં ફેંકી દીધી હોવાનું સામે આવ્યું છે.

જે અંગે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ બનાવથી નાના માતરવાણીયામાં શોકની લાગણી છવાઈ ગઈ છે અને બાળકીનાં માતા પ્રત્યે ધુતકારની લાગણી જોવા મળી રહી છે.


**ૐ નેચર ક્યોર સેન્ટર**
**ડો. સી.ડી. ઓઝા (N.D.)**

**તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે**

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
- કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ


ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

**દરરોજ સાંજે ૭ થી ૮**
**નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)**

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨


# જૂનાગઢ જળ હોનારત અને બિલ્ડિંગ ધરાશાયી થયાની દુર્ઘટનામાં મૃતકો પ્રત્યે મોરારી બાપુએ સંવેદના વ્યક્ત કરી

## અકસ્માતે આ દુર્ઘટનામાં ભોગ બનનારના પરિવારોને આર્થિક સહાય આપી સાંત્વના પાઠવી



જૂનાગઢતા.૨૯

તાજેતરમાં ભારે વરસાદના પગલેજળ હોનારત નો ભોગ કુલ ચાર વ્યક્તિઓ બની હતી તેમજ બિલ્ડીંગ ધરાસાઈ થયાની ઘટનામાં એક જ પરિવારના ત્રણ સહિત કુલ ચાર ભોગ બન્યા હતા. આ તમામ મૃતકોને શ્રદ્ધાંજલિ પાઠવી તેમના પરિવારજનોને રામાયણની સંત મોરારીબાપુએ આર્થિક સહાય આપી સાંત્વના વ્યકત કરી હતી.

આ અંગે વિસ્તૃત અહેવાલ અનુસાર તાજેતરમાં જૂનાગઢ શહેર વિસ્તારમાં જળ હોનારત તથા બિલ્ડિંગ ધરાશાયનો ભોગ બની જીવ ગુમાવનાર કુલ આઠ વ્યક્તિઓને વ્યકિતદીઠ ૧૫ હજારની રોકડ સહાય આપી મોરારીબાપુએ સંવેદના વ્યક્ત કરી હતી.

તાજેતરમાં બિલ્ડિંગ ધરાસાઈ થયાની ઘટનામાં એક જ પરિવારના ત્રણ જેમાં બિલ્ડિંગ ધરાશાય થવામાં મૃત્યુ પામનાર એક જ પરિવારના સંજયભાઈ સતીષભાઈ ડાભી, તરૂણ સંજયભાઈ ડાભી, દક્ષ સંજયભાઈ ડાભી સહિત એકજ ત્રણ સભ્યોના મૃત્યુ થયા હતા. જેનું સંજયભાઈના પત્ની મયુરીબેનનેલાગી આવતાં તેમણે પણ આપઘાત કરી મોતને વ્હાલું કર્યુંહતું, આમ એક જ પરિવારનાં ચાર સભ્યોના મૃત્યુ થયા હતા. ત્યારે સંજયભાઈના વારસદાર જીતુભાઈ ડાભીને ૬૦ હજારની સહાય કરી હતી. તેમજ આજ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા અન્ય એક વ્યક્તિ સુભાષભાઈ લક્ષ્મીદાસ તન્ના જેનાં વારસદાર મીના બેનને રોકડ ૧૫ હજાર સહાય કરેલ.

તેમજ તાજેતરની જળ હોનારત દરમિયાન પાણીમાં તણાઈને મૃત્યુ પામનાર આરતીબેન હરસુખભાઈ ડાભી, દીપચંદાબેન ચંદુભાઈ ધાંધલ, સુરેશભાઈ ખીમજીભાઈ વાલોદરા, સહીત ત્રણેય મૃતકોના વારસદારો હરસુખભાઈ ડાભી, ચંદુભાઈ ધાંધલ, નરેશ સુરેશભાઈ વાલોદરાને આમ ઉપરોક્ત તમામ દુર્ઘટનાનો ભોગ બનનારના વારસદારોને રામાયણી સંત મોરારી બાપુના પ્રતિનિધિ જૂનાગઢ મીનરાજ શૈક્ષણિક સંકુલના સ્થાપક દાદુભાઈ કનારા મારફત શોક સંદેશ પાઠવી સાંત્વના આપી તમામ મૃતકોના વારસદારોને કુલ રૂા.૧,૨૦,૦૦૦ની રોકડ સહાય આપી સંવેદના વ્યક્ત કરી હતી. આ સમગ્ર બાબતે સામાજિક કાર્યકર્તા ભરતભાઈ બોરીચા દ્વારા અતિવૃષ્ટિના લીધે ભોગ બનેલ પરિવારોને સોધવા સહિત તેમના સુધી સંવેદના રૂપ આર્થિક સહાય પહોંચાડવા સુધીની જહેમત ઉઠાવી હતી.

# ભેંસાણ તાલુકાનાં સામતપરા ગામે ભેંસો હટાવવા પ્રશ્ને હુમલો : ૪ સામે ફરીયાદ

(ક્રાઈમરીપોર્ટર દ્વારા)

જૂનાગઢતા. ૨૯

ભેંસાણ તાલુકાનાં સામતપરા ગામે રસ્તા ઉપરથી ભેંસો હટાવવા બાબતનાં મનદુ:ખેહુમલાનો બનાવ બનેલ છે. અને ૪ સામે પોલીસ ફરીયાદ નોંધાય છે. આ બનાવ અંગે મનુભાઈ બાવાભાઈ ચૌહાણ (ઉ.વ. ૪૫) (રહે. સામતપરાવાળા)એ દેવરાજ ખીમરાજ ગઢવી, હેમરાજ ખીમરાજ ગઢવી, હિરપાલ ખીમરાજ ગઢવી અને મેરામણ ખીમરાજ ગઢવી સામે નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ છે કે આ કામના ફરીયાદી પોતાનુ બળદગાડુ લઈને ખેતરે જતા હોય તે દરમ્યાન આરોપી નં. ૧ તથા ૨નાએ પોતાની ભેંસો લઈને જતા હોય તેથી ફરીયાદીએ ભેંસો હટાવવાનુ કહેતા આ આરોપી નં. ૧ તથા ૨નાએ ઉશ્કેરાઈ જઈને ફરીયાદીને જેમ ફાવે તેમ ભુંડી ગાળો કાઢી અને આરોપી નં. ૩ તથા ૪નાએ બોલાવી આરોપી નં. ૧નાએ તેમના હાથમાં રહેલ કુહાડીની બુંધરાટ ફરીયાદીને માથાના ભાગે મારી તથા આરોપી નં. ૩નાએ ફરીયાદીને ડાબા પગના ઘુંટણની નીચેના ભાગે લાકડી મારી ફ્રેકચર જેવી ઈજા કરી તથા આરોપી નં. ૪નાએ ફરીયાદીને જમણા હાથના આંગળા ઉપર લાકડી મારી તથા આરોપી નં. ૨નાએ ફરીયાદીનો બંનો હાથમાં કુહાડીની બુંધરાટ મારી આમ તમામ આરોપીઓએ ફરીયાદીને શરીરે મુંઢ માર મારી ગંભીર ઈજાઓ કરી ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનામાં એકબીજાને મદદગારી કર્યાનો ગુનો કરતા પોલીસો ફરીયાદ નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાંથી સગીર વયની યુવતીનું અપહરણ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા. ૨૯

જૂનાગઢ શહેરમાં સગીરાનાં અપહરણ અંગેનો બનાવ બન્યો છે. જૂનાગઢના ટીંબાવાડી પટેલ સમાજની પાછળ રામાપીરના મંદિર સામે રવજીભાઈ મીયાત્રાએ હર્ષદ ઉર્ફે કાલુ બાબુભાઈ ભાસ્કર સામે પોતાની સગીર વયની યુવતીને લલચાવી ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે અપહરણ કરી ગયાની સી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.